અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ દશમ | અંક : ૮૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સપ્તાહના પ્રથમ દિવસે શેર માર્કેટમાં જોરદાર કડાકો

# શેરબજારમાં બ્લેક મન્ડે, સેન્સેક્સમાં ૮૨૬, નિફ્ટીમાં ૨૬૧ પોઈન્ટનો કડાકો

## રોકાણકારોના ૭.૬૦ લાખ કરોડનું ધોવાણ, સતત ચોથા સત્રમાં મોટું ગાબડુ

। મુંબઈ, તા.૨૩ ।

સપ્તાહના પ્રથમ દિવસે શેર માર્કેટમાં જોરદાર કડાકો બોલાયો છે, વૈશ્વિક દબાણના કારણે આજે શેર બજારમાં મુખ્ય સૂચકાંકો દિવસ દરમિયાન નીચા રહ્યાં હતા, અને કારોબાર શુષ્ક રહ્યાં હતા. સોમવારે સવારથી જ માર્કેટમાં કોહરામ મચી ગયો હતો અને દિવસના અંતે માર્કેટ ૮૦૦થી પણ વધુ પૉઈન્ટ નીચે બંધ રહ્યું હતુ. આજે શેર બજારમાં બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ ૧.૨૬ ટકાના ઘટાડા સાથે ૮૨૫.૭૪ પૉઈન્ટ નીચે પટકાયો અને ૬૪,૫૭૧.૮૮ના સ્તરે બંધ રહ્યો હતો, તો વળી, એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટી પણ લૉ રહ્યો, આજે નિફ્ટી ૦.૩૪ ટકાના ઘટાડા સાથે ૨૬૦.૯૦ની નીચે રહ્યો અને ૧૭,૨૮૧.૭૫ના સ્તરે બંધ થયો હતો. આમ આજે માર્કેટમાં કોહરામ મચી ગયો હતો. આ ઉપરાંત અન્ય ઈન્ડેક્સમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. મિડકેપ, સ્મૉલકેપના રોકાણકારોને પણ નુકસાન થયુ હતું. આજનો ટ્રેડિંગ સત્ર ભારતીય શેરબજાર માટે બ્લેક મન્ડે સાબિત થયો છે. વિદેશી રોકાણકારોની ભારે વેચવાલીથી બજારમાં મોટો ઘટાડો થયો છે. આ સતત ચોથું સત્ર છે જ્યારે બજારમાં ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટ, નિફ્ટી ૨૫૦ પોઈન્ટથી વધુ અને મિડ કેપ શેરોના ઈન્ડેક્સમાં ૧,૦૦૦ પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. સેન્સેક્સ ૬૫,૦૦૦ની નીચે સરકી ગયો છે. સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૪૬૪ અથવા ૩.૫૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૮૨૬ પોઈન્ટના ઘટાડા સાથે ૬૪,૫૭૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૬૧ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૨૮૨ પોઈન્ટ પર બંધ થયો હતો.



### આજના કારોબારમાં તમામ સેક્ટરના શેરો લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા છે

આઈટી, બેક્કિંગ, ઓટો, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, મીડિયા, એનર્જી, ઈન્ફ્રા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ અને ગેસ જેવા સેક્ટરના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારમાં સૌથી મોટો ઘટાડો મિડ કેપ શેર્સમાં જોવા મળ્યો હતો. નિફ્ટી મિડ કેપ ઈન્ડેક્સ ૧૧૦૦ પોઈન્ટથી વધુ લપસી ગયો. સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૫૦૦ પોઈન્ટનો ઘટાડો થયો છે. આજના કારોબારમાં ૩૯૯૦ શેરોમાંથી ૩૧૮૮ શેરો ઘટાડા સાથે બંધ થયા છે. જ્યારે ૬૪૪ શેર લીલા નિશાનમાં બંધ થયા હતા. ૧૫૮ શેરના દરમાં કોઈ ફેરફાર થયો નથી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી માત્ર ૪ શેરો વધ્યા હતા જ્યારે ૨૬ ઘટ્યા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરમાંથી ૨ શેર લાભ સાથે જ્યારે ૪૮ શેર નુકસાન સાથે બંધ થયા હતા. આજના કારોબારમાં આઈસીઆઈસીઆઈબેંક ૧.૦૪ ટકા, બજાજ ફાઇનાન્સ ૦.૩૬ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૩૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. જ્યારે ટાટા સ્ટીલ ૨.૫૨ ટકા, ટીસીએસ ૨.૪૪ ટકા, ટાટા મોટર્સ ૨.૩૨ ટકા, વિપ્રો ૨.૨૭ ટકા, એચસીએલટેક ૨.૨૦ ટકા, એનટીપીસી ૧.૮૭ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. આજના વેપારમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. બીએસઈમાર્કેટ કેપ ૩૧૧.૩૦ લાખ કરોડ થયું હતું જે અગાઉના વેપારમાં ૩૧૮.૮૯ લાખ કરોડ હતું, એટલે કે આજના વેપારમાં રોકાણકારોને ૭.૬૦ લાખ કરોડનું નુકસાન થયું છે.

## ન્યૂઝ બ્રિફ

### હમાસ સામાન્ય નાગરિકો પર કેમિકલ એટેક કરી શકે છે : હરજોગ



। જેરૂસલેમ, તા.૨૩ ।

હમાસ વિરુદ્ધ ઈઝરાયલે કાર્યવાહી ઝડપી બનાવી છે. દરમિયાન ઈઝરાયલના રાષ્ટ્રપતિ આઈઝેક હરજોગે પેલેસ્ટિની સમૂહ હમાસના તાર ખૂંખાર આતંકી સંગઠન અલ કાયદા સાથે જોડી દીધા છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે હમાસ હવે સામાન્ય નાગરિકો પર ગમે ત્યારે કેમિકલ એટેક કરી શકે છે. આંકડા જણાવે છે કે હમાસ અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં અત્યાર સુધીમાં ૬૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે. ઈઝરાયલી મીડિયાના અહેવાલો અનુસાર હરજોગે કહ્યું છે કે હમાસના આતંકીઓ પાસે ફ્લેશ ડ્રાઈવ હોવાની બાતમી મળી છે. ઈઝરાયલી ક્ષેત્રોમાં મળી આવેલા આતંકીઓના શબ પાસેથી ફ્લેશ ડ્રાઈવ્સ મળ્યાં છે જેમાં રહેણાંક વિસ્તારોમાં કેમિકલ હથિયારોનો ઉપયોગ કરવા અને તેને લગાવવાની માહિતી અપાઈ છે.

### ભાજપનાં નેતા ગૌતમી તાડીમલ્લાએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું



। થિરૂવનંતપુરમ, તા.૨૩ ।

આવનારા વર્ષમાં એટલે કે ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજવાની છે. એવામાં તમિલનાડુમાં ભાજપને એક મોટો ઝટકો લાગ્યો છે. અભિનેત્રી અને ભાજપ નેતા ગૌતમી તાડીમલ્લાએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. ગૌતમીએ એક પત્ર દ્વારા આ માહિતી આપી હતી. ગૌતમી તાડીમલ્લાએ એક પત્ર લખી તેના રાજીનામાં અંગે જાણ કરી હતી. તેમણે લખ્યું હતું કે, હૃદય પર ભાર મૂકી જાણવું પડે છે કે મેં ભાજપના સભ્યપદેથી રાજીનામુ આપવાનો નિર્ણય કર્યો છે. હું ૨૫ વર્ષ પહેલા પાર્ટીમાં રાષ્ટ્ર નિર્માણમાં તેના પ્રયાસોનું યોગદાન આપવા માટે જોડાઈ હતી.

### એક દેશ એક ચૂંટણી અંગે કાયદા પંચની તૈયારીઓ ચાલી રહી છે

# એક દેશ એક ચૂંટણીના અમલ માટે ચૂંટણી પંચે એક વર્ષથી વધુનો સમય માગ્યો

### ભારતીય ચૂંટણી પંચે પર્યાપ્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન બનાવવા જેવા અનેક કારણો આપ્યા છે, હાલ કાયદા પંચનો રિપોર્ટ તૈયાર થવાની અણીએ

। નવી દિલ્હી, તા.૨૩ ।

એક દેશ એક ચૂંટણી અંગે કાયદા પંચની તૈયારીઓ ચાલી રહી છે. દરમિયાન એવા અહેવાલ છે કે ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ) એ નવી વ્યવસ્થા લાગુ કરવા માટે એક વર્ષથી વધુનો સમય માગ્યો છે. પંચે પર્યાપ્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) બનાવવા જેવા અનેક કારણો આપ્યા છે. હાલ કાયદા પંચનો રિપોર્ટ તૈયાર થવાની અણીએ છે. ૨૦૨૪ અને ૨૦૨૯માં એકસાથે ચૂંટણી યોજવા માટે મશીનોની જરુરિયાત અંગે કાયદા પંચ અગાઉ માહિતી શેર કરી ચૂક્યું છે.




એક વોટિંગ મશીનમાં ત્રણ ભાગ હોય છે જેમાં કન્ટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ અને વીવીપેટ સામેલ હોય છે. ૨૦૨૪ માટે ૧૧.૪૯ લાખ વધારાના કન્ટ્રોલ યુનિટ, ૧૫.૯૭ લાખ બેલેટ યુનિટ્સ અને ૧૨.૩૭ લાખ વીવીપેટની જરૂર પડશે. તેની પાછળ ૫૨૦૦ કરોડનો ખર્ચો થઈ શકે છે. માહિતી અનુસાર ચૂંટણીપંચને ૫૩.૭૬ લાખ બેલેટ યુનિટ્સ, ૩૮.૬૭ લાખ કન્ટ્રોલ યુનિટ્સ અને ૪૧.૬૫ લાખ વીવીપેટની જરૂર ૨૦૨૯ની ચૂંટણીમાં પડશે. તેનું મોટું કારણ પોલિંગ સ્ટેશન અને મતદારોની વધતી સંખ્યા છે. એક અહેવાલ અનુસાર ચૂંટણીપંચ વૈશ્વિક સ્તરે સેમીકંડક્ટર અને ચિપની અછત અંગે ચિંતિત છે. કહેવાય છે કે કાયદા પંચ સાથેની બેઠકમાં પણ ચૂંટણીપંચે આ મુદ્દો ઊઠાવ્યો હતો. ખરેખર ઈવીએમ અને વીવીપેટ એટલે કે વેરિફાયેબલ, પેપર ઓડિટ ટ્રેલ મશીનોમાં તેનો મુખ્યરૂપે ઉપયોગ થાય છે. ખાસ વાત તો એ છે કે ફક્ત લોકસભા ચૂંટણી માટે ૨૦૨૪માં આશરે ૪ લાખ મશીનોની જરૂર પડશે. મશીનની આ વતર્માન જરૂરિયાતમાં વિધાનસભા ચૂંટણીને તો સામેલ જ નથી કરાઈ.

### ભારત-કેનેડા વચ્ચેનો વિવાદ યથાવત

# રાજદ્વારીઓની સુરક્ષામાં પ્રગતિ બાદ કેનેડાના લોકો માટે ભારત વિઝા શરૂ કરશે

### ભારતે રાજદ્વારીઓની સલામતીને અનુલક્ષીને થોડા સપ્તાહ પહેલાથી કેનેડાના લોકોને વિઝાની પ્રક્રિયા બંધ કરી દીધી છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે જો ભારત કેનેડામાં તેના રાજદ્વારીઓની સુરક્ષામાં પ્રગતિ જોશે તો તે ટૂંક સમયમાં કેનેડાના લોકો માટે વિઝા સેવા શરૂ કરી શકે છે. તેમણે કહ્યું કે ભારત દ્વારા વિઝા સેવા થોડા અઠવાડિયા માટે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી છે. તેનું મુખ્ય કારણ કેનેડામાં ભારતીય રાજદ્વારીઓની સુરક્ષાની ચિંતા હતી. કેનેડા રાજદ્વારીઓ માટે સલામત વાતાવરણ પૂરું પાડી શક્યું નથી, જે વિયેના કન્વેન્શનનું ઉલ્લંઘન છે. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ખૂબ જ તંગ બની ગયા છે. તેનું કારણ છે ખાલિસ્તાની આતંકવાદી



હરદીપ સિંહ નિજ્જરની હત્યા, જેનો કેનેડાએ ભારત પર આરોપ લગાવ્યો હતો. કેનેડાએ ભારતના ટોચના રાજદ્વારીને ઓટાવા છોડવા પણ કહ્યું હતું. ભારતે શરૂઆતમાં નિજ્જરની હત્યામાં કોઈ સંડોવણીનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ કેનેડિયન રાજદ્વારીને નવી દિલ્હી છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત કેનેડાના નાગરિકો માટે વિઝા સેવા પણ બંધ કરી દેવામાં આવી હતી.

### આ યુદ્ધ ૭ ઓક્ટોબરના રોજ શરૂ થયું હતું

# ઈઝરાયેલના હુમલામાં ગાઝાના ૧૮૭૩ માસૂમ બાળકોના મોત

### સીરિયાએ ૧૦ સૌથી ખતરનાક સંઘર્ષ ઝોનમાંનો એક દેશ છે, જ્યાં મૃત્યુ પામેલી દરેક બીજી વ્યક્તિ એક બાળક છે, જ્યારે સોમાલિયામાં દર ત્રણમાંથી એક મૃત્યુ એક બાળકનું છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા ૧૬ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. બંને દેશોમાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. આ યુદ્ધથી બાળકો ખરાબ રીતે પ્રભાવિત થયા છે. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન બંને દેશોમાં મોટી સંખ્યામાં બાળકોના મોત થયા છે. સોશિયલ મીડિયા પર અનેક તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે. પેલેસ્ટિનિયન સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે ગાઝામાં માર્યા ગયેલા બાળકોની સંખ્યા વધીને ૧,૮૭૩ થઈ ગઈ છે. તે જ સમયે, ઈઝરાયેલના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી ઘાતક હુમલો છે. આ હુમલામાં લગભગ ૧,૪૦૦ લોકો માર્યા ગયા છે, ૩,૫૦૦ ઘાયલ થયા છે અને ૨૦૦ નાગરિકોને હમાસ લડવૈયાઓએ બંધક બનાવ્યા



છે. જોકે, ઈઝરાયેલ સરકારે બાળકો અંગે કોઈ ડેટા જાહેર કર્યો નથી. આ યુદ્ધ ૭ ઓક્ટોબરના રોજ શરૂ થયું હતું, ત્યારબાદ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનમાં મોટા પાયા પર બાળકો વિરુદ્ધ ગંભીર ઉલ્લંઘનના અહેવાલો સામે આવ્યા છે. બાળકોની હત્યા, અપંગ અને અપહરણના અહેવાલો છે. એવું નથી કે આ યુદ્ધમાં બાળકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

### અમેરિકાથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા

# યુએસમાં વર્ષમાં જ ૧૪૦૦ જેટલા સીઈઓએ રાજીનામા આપ્યા છે

### કોરોના વાયરસ અને વૈશ્વિક તણાવને લીધે અમેરિકામાં અનેક કંપનીઓ સામે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે

। વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકાથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે જેને વાંચતા જ તમને મંદીના ભણકારાનો અહેસાસ થઈ જશે. માહિતી અનુસાર અમેરિકામાં મોટાપાયે સીઈઓ (સીઈઓ) એ નોકરીમાંથી રાજીનામાં આપી દીધાના અહેવાલ મળ્યાં છે.

સપ્ટેમ્બર સુધીમાં આ વર્ષે જ આશરે ૧૪૦૦ જેટલાં મુખ્ય કાયર્કારી અધિકારીઓએ (સીઈઓ) રાજીનામા ધરી દીધા છે. જોકે ૨૦૨૨ના આંકડા સાથે સીઈઓના રાજીનામાઓની તુલના કરવામાં આવે તો આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૫૦ ટકાથી વધુ સીઈઓરાજીનામા આપી ચૂક્યા છે. એક અહેવાલમાં દાવો કરાયો હતો કે ૨૦૨૨માં રેકોર્ડ લેવલ પર રાજીનામા પડ્યા હતા પણ ૨૦૨૩માં સૌથી વધુ સીઈઓનોકરી છોડી છે.

આ ડેટામાં ઓછામાં ઓછા ૧૦ કર્મચારીઓ અને બે વર્ષ સુધી અમેરિકી કંપનીઓ સાથે સીઈઓપદ પર જોડાઈ રહેલા અધિકારીઓને જ સામેલ કરાયા છે. કોરોના મહામારી અને વૈશ્વિક તણાવને લીધે અમેરિકામાં અનેક કંપનીઓ સામે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે જેના લીધે દર વર્ષે કર્મચારીઓની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. બીજી બાજુ સીઈઓએ પણ રેકોર્ડ લેવલ પર રાજીનામા આપ્યા છે. જોકે મહામારી બાદ સ્થિતિ થોડીક સચવાઈ છે.



## હવે ડુંગળીના ભાવમાં આગ ઝરતી તેજી, મોંઘી બની ગરીબોની કસ્તુરી

। રાજકોટ, તા.૨૩ ।

મધ્યમવર્ગ પરિવારની થાળીમાંથી ડુંગળી ઓછી થઈ રહી છે. જેનું કારણ છે ડુંગળીની કિંમતમાં ભાવવધારો. ડુંગળી આવક ઘટતા તેના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જેને લીધે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું છે. ગરીબોની કસ્તુરી સામાન ડુંગળી મોંઘી થતાં રાજકોટની કેવી હાલત થઈ છે. એક સમયે ગરીબો માટે કસ્તુરી ગણાતી ડુંગળી હવે આમ આદમીની થાળીમાંથી જ ઓછી થવા લાગે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. રાજકોટમાં હાલ ડુંગળીના છુટક ભાવ રૂપિયા ૩૦ થી ૪૦ પ્રતિ કિલોગ્રામ થઈ ગયો છે અને આવનારા દિવસોમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે. જેને કારણે હવે ડુંગળીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજકોટમાં ફરી ગરીબોની કસ્તુરી મોંઘી થઈ છે. રાજકોટમાં છેલ્લા બે દિવસમાં ડુંગળીના ભાવમાં વધારો થયો છે. છેલ્લા બે દિવસમાં ૧૦થી ૧૫ રૂપિયા કિલો વધારો થયો છે. ડુંગળી હાલ છુટકમાં ૩૦ થી ૪૦ રૂપિયા કિલો વેચાઈ રહી છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના એક મણના ૪૦૦થી લઈ ૬૦૦ રૂપિયા ભાવ ચાલી રહ્યો છે. હાલ ડુંગળીની આવક ઘટતા ભાવમાં વધારો થયો છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં ખરીફ ડુંગળીની આવકો શરૂ થઈ ગઈ છે. હવે ડુંગળીમાં ભાવ વધારો જોવા મળી રહ્યો છે. હાલ ડુંગળી કિલો દીઠ ૧૦-૧૫ રૂપિયા મોંઘી વેચાઈ રહી છે. સામાન્ય રીતે જે ડુંગળી ૨૦-૨૫ રૂપિયા કિલો વેચાય છે તે હાલમાં ૩૦-૪૦ રૂપિયા કિલો વેચાઈ રહી છે. જો કે ડુંગળીના વધતા ભાવ સામે કેન્દ્ર સરકારે આગોતરું આયોજન હાથ ધર્યું છે. ડુંગળી વિદેશમાં નિકાસ ન થાય તે માટે ૪૦ ટકા ટેક્સ લગાવવામાં આવ્યો છે. રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં ખુબ વરસાદ પડ્યો હતો.



અસારવા માતર ભવાની વાવમાં માતાજીની માંડવીને નવરાત્રિ નિમિત્તે દીવાથી સજાવવામાં આવી હતી.

### દશેરાની ઉજવણી જલેબી, ફાફડા વગર અધૂરી છે

## સુરતીઓ આ વર્ષે કરોડો રૂપિયાના ફાફડા અને જલેબી આરોગી જશે

### સુરતમાં ૪૮૦ રૂપિયા પ્રતિ કિલો ફાફડા જ્યારે દેશી ઘીમાં બનેલી જલેબીનો ભાવ ૫૦૦ રૂપિયા પ્રતિ કિલો

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાત નવલી નવરાત્રિ તેના અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે. મંગળવારે દશેરાનાં પર્વની આખા ગુજરાતમાં ઉજવણી કરવામાં આવશે. દશેરાનાં દિવસે માં દુર્ગાની પૂજા, શસ્ત્ર પૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવે છે. પરંતુ ગુજરાતમાં દશેરાએ ફાફડા-જલેબી આરોગવાનો ક્રમ છે. દશેરાની ઉજવમઈ જલેબી,ફાફડા વગર અધૂરી છે. લગભગ દરેક ઘરમાં તે ખાવાની વર્ષોની પરંપરા રહી છે. દશેરાનાં દિવસે લોકો ખાસ જલેબી, ફાફડાં ખાસ મંગાવે છે. ત્યારે આ વર્ષે લોકો માટે એક ખુશખબર મળી રહ્યા છે. આ વર્ષે દશેરાના પર્વ પર ફાફડા જલેબીના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

આ વિશે મળતી માહિતી પ્રમાણે સુરતમાં ફાફડા જલેબીના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. સુરતીઓ કરોડો રૂપિયાના ફાફડા જલેબી આરોગીને વિજ્યાદશમીની ઉજવણી કરતા હોય છે.

### દવાના નામે વેચ્યો ચોકનો પાવડર

## હવે હદ થાય છે! અમદાવાદમાં ઝડપાયું દવાઓનું મહાકૌભાંડ

### જીવનરક્ષક તેમજ ગંભીર રોગના ઉપચાર માટે વપરાતી બનાવટી એન્ટીબાયોટીક દવાઓનો ૧૭.૫ લાખની કિમતનો જથ્થો જપ્ત

। અમદાવાદ, તા.૨૩ ।

રાજ્યના નાગરિકો ની જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. રાજ્યમાં દવાના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકિય કાર્યવાહી કરવામાં આવે છે જેના ભાગરૂપે અમદાવાદમાંથી જીવનરક્ષક તેમજ ગંભીર રોગના ઉપચાર માટે વપરાતી બનાવટી એન્ટીબાયોટીક દવાઓનો રૂ. ૧૭.૫ લાખ કિમતનો જથ્થો જપ્ત કરાયો છે. ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું કે,ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમદાવાદ વિભાગ-૧ ને મળેલ બાતમી આધારે ૨૦/૧૦/૨૦૨૩ના રોજ અમદાવાદ વિભાગના ઔષધ નિરીક્ષકો દ્વારા જે. એ. પટેલ, નાયબ કમિશનર (આઈ. બી.) અને અશ્વિન રાદડિયા, મદદનીશ કમિશનર, અમદાવાદ વિભાગ-૧ ની દેખરેખ હેઠળ સફળ રેડ કરી ખાડીયા વિસ્તારમાં રહેતા ખિમારામ સોદારામ કુમ્હાર, રહે. હાઉસ નંબર ૧૭૨૨, બીજો માળ, વાડા પોળ, ખાડીયા, અમદાવાદ પાસે થી **POSMOX CV** ૬૨૫ દવાનો કુલ ૯૯ બોક્ષ (૧૦ ટ ૧૦ ટેબલેટ) કુલ રુ. ૨,૬૧,૨૫૦/- નો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. જેની પ્રાથમિક તપાસ કરતા તે બનાવટી હોવાનું જણાઈ આવેલ છે. આ દવાઓ ની પ્રાથમિક તપાસ માં આ દવાઓ ના ઉત્પાદક **M/s. D G Pharmaceuticals, Baddi, Himachal Pradesh** હોવાનું જાણવા મળ્યુ હતું,જે બાબતે ડ્રગ કંટ્રોલર, હિમાચલ પ્રદેશ સાથે કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય દ્વારા પૃચ્છા કરતા આવી કોઈ ઉત્પાદક પેઢી અસ્તિત્વમાં ન હોવાનું સામે આવ્યું છે. ખિમારામ સોદારામ કુમ્હારની સઘન પૂછપરછ કરતા તેણે આ દવાનો જથ્થો અરુણકુમાર રાજેંદ્રસિંહ અમેરા, રહે. ૨૦, રાજનગર સોસાયટી, વટવા, અમદાવાદ નામના વ્યકિતપાસેથી ખરીદો હતો. અધિકારીઓ દ્વારા અરુણકુમાર રાજેંદ્રસિંહ અમેરાની પુછપરછ કરતા તેઓએ સદર દવાનો જથ્થો વિપુલ દેગડા, રહે. જે – ૪૦૨, શાકુંતલ એપાર્ટ્મેંટ, રાજધાની બંગ્લોઝની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ નામના વ્યકિત પાસેથી ખરીદો હતો. તેના રહેઠાણની ભાળ મેળવી અમદાવાદના ઔષધ નિરીક્ષક દ્વારા તપાસ કરતા વિપુલ દેગડા પાસેથી જુદી જુદી ૫ (પાંચ) બનાવટી એન્ટીબાયોટીક દવાઓ મળી આવેલ જેની કુલ કિંમત રૂપિયા ૪,૮૩,૩૦૦/- થવા જાય છે તે જપ્ત કરેલ છે. વિપુલ દેગડા દ્વારા આ દવાઓ દર્શનકુમાર પ્રવિણચંદ્ર વ્યાસ, રહે. ૧, પારુલ સોસાયટી, મેમનગર ફાયર સ્ટેશન પાસે, નવરંગપુરા, અમદાવાદ પાસેથી વગર બીલે મેળવ્યો હતો જે બાબતે દર્શનકુમાર પ્રવિણચંદ્ર વ્યાસ દ્વારા ઈક્કાર કરતાં વધુ તપાસ ચાલુ છે. તેમણે ઉમેર્યુ કે વિપુલ દેગડાના મોબાઈલની તપાસ કરતા તેઓએ આ બનાવટી એન્ટીબાયોટીક દવાઓ રાજ્યના જુદા જુદા શહેરોમાં ડોકટરોને તથા વિવિધ મેડીકલ સ્ટોર્સમાં વગર બીલે સપ્લાય કર્યો હોવાનું બહાર આવ્યું છે.

## દિકરાની સગાઈના ૧૭ કલાક બાદ પિતાને હાર્ટએટેક આવતા મૃત્યુ થયુ

### અમદાવાદ ગયા અઠવાડિયે રામોલમાં વધુ એક કેસમાં હાર્ટ એટેક આવતા મોત થયુ હતું

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં છેલ્લા ધણા દિવસોથી હાર્ટ એટેકના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. હાર્ટ એટેક સામાન્ય બની ગયો છે. લોકોમાં જે ઉંમરે તેનો ભય વધ્યો છે તે ખૂબ જ ધાતક અને આશ્ચર્યજનક રૂપ છે. ખૂબ જ નાની ઉંમરે હાર્ટ એટેક આવી રહ્યા છે. રોજ તમારા



આજૂ-બાજુ,સગા-સંબંધીઓના અનેક સમાચાર સાંભળ્યા હશે, જેમાં કસરત કરતા, ક્રિકેટ રમતા, બાથ રૂમમા નાહવા ગયા હોય ત્યારે અથવા બેઠા બેઠા, ચાલુ શાળાએ અભ્યાસ કરતા કે પછી લગ્નમાં ડાન્સ કરતા હોય ત્યારે ૧૭થી ૨૦ વર્ષના છોકરા-છોકરીઓને, ૩૦થી ૫૦ વર્ષના લોકોને પણ હાર્ટ એટેક આવી ગયા છે.

રામોલ આદર્શ વિધ્યાલય પાસે ગયા અઠવાડિયે આરિફઅલી સૈયદ નામના વ્યક્તિને (ઉંમર આશરે ૪૫ વર્ષ) હૃદય હુમલો આવ્યો, તેના આગલા દિવસે સાંજે પોતાના દિકરાની સાગાઈ કરી હતી. જે ખૂશીમાં આરિફ અલીએ પોતાના સાગા સંબંધીઓ, દોસ્તોને પોતાના દિકરાની સગાઈની ટેલીફોનીક જાણ કરીને ખૂશી વ્યક્ત કરી હતી. જે દિવસે હૃદય હુમલો આવ્યો તે દિવસે સવારે તેમના બનેવીના ભાઈની લગ્નની તારીખ માગવા ગયા હતા જ્યારે તારીખ માગીને બારેજાથી પાછા ફરી રહ્યા હતા ત્યારે તેમને રસ્તામાં જ છાતીમાં દુખાવો થયો હતો ત્યારે તેમના મનન થયું કે ગેસ ટ્રબલીંગના લીધે દુઃખી રહ્યો હશે. ત્યાર બાદ તે ઘરે પહોચીને એસી ચાલુ કરીને બેઠા હતા, તેજ દરમિયાન તેમને હાર્ટ એટેકનો મેજર હુમલો આવ્યો અને હોસ્પિટલ સારવાર દરમિયાન લઈજતા રસ્તામાજ મૃત્યુ નિપજ્યુ હતું. તે બાદ ખૂશીનો માહોલ માતમમાં ફેરવાઈ ગયું હતું

**હૃદયરોગના હુમલામાં વધારો તેનું કારણ શું છે?**

આજ કાલ સૌથી વાધારે હાર્ટ એટેક યુવા વયના લોકોમાં આવે છે. તેનું મુખ્ય કારણ આપણે બેઠાળુ જીવન જીવી રહ્યા છ. જે કોઈ પણ પ્રકારની કસરત કરતા નથી, શાળાઓંમાં બાળકો માટે મેદાન નશી રહ્યા, રાત્રે મોડા સુધી ઉંગવુ નહિ, સવારે માડા ઉઠવું આ બધા હાર્ટ એટેકના કારણો છે.

**ખોરાક ઉપર આપણુ કોઈ ધ્યાન નહિ**

રોજ જરૂરિયાત મુજબ સવારના ખોરાકનો ૪૦ ટકા હિસ્સો, બપોરનો ૪૦ ટકા અને રાત્રી દરમિયાન ૨૦ ટકા હિસ્સો લેવો જોઈએ. સાંજ પડતા ખાવું ન જોઈએ, પરેતુ આજે એવું હાલ છે કે ૫૦ ટકા ખોરાક રાત્રે લઈએ છીએ. ખોરાકમાં કાર્બોહાઈડ્રેટ્સનું પ્રમાણ ૫૦ ટકા હોવું જોઈએ, ૯૦ ટકા ભારતીય ખોરાકમાં સ્ટાર્ચ હોય છે. પૂરતું પ્રોટીન મળતું નથી. સ્થુળતાનું કારણ બને છે. અને ખાસ કરીને પેટની આસપાસ ચરબી જમા થાય છે. તે દરમિયાન રક્તવાહિની રગોમાં ચરબી જમા થાય છે. તેને કારણે રક્તવાહિનીઓ બંધ થઈ શકે છે અને હાર્ટ એટેક આવે છે.

**હૃદયરોગના બચવા માટે શું કરવું જોઈએ?**

હેલ્થ હાર્ટ માટે ત્રણ બાબત ઉપર ધ્યાન આપવુ જોઈએ: પોષ્ટિક ખોરાક, વ્યાયમ કસરત અને આત્મ નિયંત્રણ, આપણા ખોરાક ભોજનમા ૧૦ ટકા ઘટાડો કરવો જોઈએ. જેનાથી જાડા લોકોને વજનમાં મહિનામાં એક કિલો વજન ઘટાડવામાં મદદ મળી શકે છે. એક કિલો વજન ઘટાડવામાં મદદ મળી શકે છે. તમે કોઈનાથી નારાજ હો તો જતું કરવાની આદત પાડો. તે તમારા હૃદય માટે સારું છે. બધું ડૉક્ટરના હાથમાં નથી હોતું. ઘણું બધું તમારા હાથમાં પણ હોય છે.

### ગુજરાતમાં જીવલેણ બન્યો હાર્ટ એટેક

## સુરતમાં બે લોકોનો હૃદય બંધ પડ્યા ૨૪ કલાકમાં ૧૦થી વધુના મોત થયા

### સચિન GIDCમાં ૩૬ વર્ષીય આબીદા ખાતુન અને કામરેજમાં ૪૦ વર્ષીય સુશાંત નામના વ્યક્તિનું મૃત્યુ

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં નવરાત્રિ નિમિત્તે ગરબા કરતી વખતે છેલ્લા બે દિવસમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. મૃતકોમાં કિશોરથી લઈને મધ્યમ વયના લોકોનો સમાવેશ થાય છે. શુક્રવારે અમદાવાદનો ૨૪ વર્ષીય યુવક ગરબા કરતી વખતે અચાનક નીચે પડી ગયો હતો અને તેનું મોત થયું હતું. હાર્ટ એટેકના આવા ઘણા કિસ્સાઓ છે જે આશ્ચર્યજનક છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે સુરતમાં આજે બે લોકોનું હાર્ટ એટેકથી મોત થયું છે. સચિન ધ્રૈઢ્ઢઝમાં ૩૬ વર્ષીય આબીદા ખાતુન અને કામરેજમાં ૪૦ વર્ષીય સુશાંત નામના વ્યક્તિનું મૃત્યુ થયું છે. અચનાક છાતીમાં દુખાવો થયા પછી બન્ને જણાનું મોત થયું છે. આ કિસ્સામાં જાણવા મળી રહ્યું છે કે બંને જણાને કોઈ ગંભીર બિમારી નહોતી.

ડાયમંડ નગરી સુરતમાં વધુ ૨ લોકોના હાર્ટએટેકથી મોત થયા છે. સચિન જીઆઈડીસી માં ૩૬ વર્ષીય આબીદા ખાતુંન નામની મહિલા અને કામરેજના ૪૦ વર્ષીય સુશાંત નામના વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત થયું છે. બંને લોકો કોઈને પણ પ્રકારની ગંભીર બીમારી ન હતી. અચાનક છાતીમાં દુઃખાવો થયા બાદ મોત નિપજતાં પરીવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. હાલ પોલીસે મૃતદેહને પીએમ અર્થ મોકલી કાર્યવાહી હાથ ધરી હતી. કોરોનાકાળ બાદ સતત નાની વયે હાર્ટ અટેક અને હાર્ટ અટેકથી મોતની સંખ્યા વધી રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નાની વયે હાર્ટ અટેકથી જીવ ગુમારની સંખ્યા ૧૨એ પહોંચી છે.

## વિશેષ લેખ

### વિજયા દશમી અને દશેરા પર્વનું ધાર્મિક મહત્વ શું છે?

# નવરાત્રિના દસમા દિવસે માતા દુર્ગાનું વિસર્જન કરવામાં આવે છે, જેને વિજયાદશમી કહેવાય છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ





વિજયા દશમી અને દશેરા બંને હિન્દુ ધર્મના પ્રમુખ તહેવારો છે. જો કે ઘણા વર્ષોથી આ બંને એક જ દિવસે ઉજવવામાં આવે છે, પરંતુ આ વર્ષે બંનેની તિથિ અલગ અલગ છે. નવરાત્રિના દસમા દિવસે માતા દુર્ગાનું વિસર્જન કરવામાં આવે છે, જેને વિજયાદશમી કહેવાય છે. આ જ દિવસ દશેરા પણ મનાવવામાં આવે છે. જેમાં રાવણના પૂતળાનું દહન કરવામાં આવે છે. પરંતુ ઘણા લોકોને લાગે છે કે વિજ્યાદશમી અને દશેરા બંને એક ઉત્સવ છે. નવરાત્રિના નવ દિવસ બાદ ૧૦મો દિવસ નવ શક્તિઓના વિજયના ઉત્સવ તરીકે વિજયા દશમી તરીકે ઉજવાય છે.

દેશભરમાં દશેરાની ધૂમ મચે છે. અસત્યની સત્ય પર જીતના આ પર્વને દેશમાં ખુબ ધૂમધામથી મનાવવામાં આવે છે. વિજયાદશમી એ હિન્દુઓનો પ્રમુખ તહેવાર છે. એવી માન્યતા છે કે ભગવાન રામે દશમીના દિવસે અધર્મી રાવણને હણ્યો હતો. એટલું જ નહીં આ જ દિવસે માતા દુર્ગાએ મહિષાસુર નામના દાનવનો વધ કરીને તેના આતંકથી દેવોને મુક્ત કર્યા હતાં. આમ તો દશેરાનું ધાર્મિક મહત્વ તો છે જ પરંતુ આ તહેવાર આજે પણ એટલો જ પ્રાસંગિક છે. આ પર્વ બુરાઈ પર અચ્છાઈનું પ્રતિક છે. આ તહેવાર ભગવાન શ્રી રામની કહાણી તો વર્ણવે જ છે. જેમણે લંકામાં સતત ૯ દિવસ સુધી ચાલેલા યુદ્ધ પછી અહંકારી રાવણનો વધ કર્યો હતો અને માતા સીતાને તેમની કેદથી મુક્ત કર્યા હતાં. આ બાજુ આ જ દિવસે માતા દુર્ગાએ મહિષાસુરનો પણ સંહાર કર્યો હતો. આથી આ પર્વને વિજયાદશમી તરીકે પણ ઉજવાય છે અને માતા દુર્ગાની પૂજા કરાય છે. કહેવાય છે કે ભગવાન શ્રી રામે પણ માતા દુર્ગાની પૂજા કરીને શક્તિનું આહ્વાન કર્યું હતું. ભગવાન શ્રી રામની પરીક્ષા લેતા પૂજામાં રાખવામાં આવેલા કમળના ફૂલોમાંથી એક ફૂલ ગાયબ કરી દેવાયું હતું. જેથી કરીને શ્રી રામને રાજીવનયન એટલેકે કમળના નેત્રોવાળા કહેવાતા હતાં. આથી તેમણે પોતાનું એક નેત્ર માતાને અર્પણ કરવાનો નિર્ણય લીધો. જેવા તેઓ પોતાના નેત્ર કાઢવા લાગ્યાં કે દેવી પ્રસન્ન થઈને તેમની સમક્ષ પ્રગટ થયા અને વિજયી ભવના આશીર્વાદ આપ્યાં.

વિજયાદશમીના દિવસે ભગવાન શ્રીરામ ચૌદ વર્ષનો વનવાસ ભોગવીને અન રાવણનો વધ કરી અયોધ્યા પહોંચ્યા હતા. તેથી પણ આ તહેવારને વિજયાદશમી કહેવાય છે.કહેવાય છે કે ત્યારબાદ દશમીના દિવસે પ્રભુ શ્રીરામે રાવણનો વધ કર્યો. ભગવાન રામની રાવણ પર અને માતા દુર્ગાની મહિષાસુર પર જીતના આ તહેવારની બુરાઈ પર અચ્છાઈની અને અધર્મ પર ધર્મની જીત તરીકે દેશભરમાં ઉજવણી થાય છે.

એવુ માનવામાં આવે છે કે અશ્વિન શુક્લ દશમીના રોજ તારો ઉદય થતા સમય 'વિજય' નામનો કાળ હોય છે. આ કાળ સર્વકાર્ય સિદ્ધિદાયક હોય છે. તેથી પણ તેને વિજયાદશમી કહેવાય છે. રામની સેનાએ વિજયદશમી (દશેરા)એ રાવણનો સંહાર કરેલો. આ સંદર્ભમાં દશેરા ઉપર રાવણના પૂતળાનું દહન કરવાની લોકપરંપરા પ્રચલિત થઈ. રાવણનો રામ સેના દ્વારા સંહાર થતાં, રાવણના સદગુણી ભાઈ વિભીષણે દશેરાના દિવસે ફાફડા-જલેબી ખવડાવેલાં, એવી લોકમાન્યતા છે. વિભીષણ તો રામનો પરમ ભક્ત હતો. તેથી જ રામના વિજયને વધાવવા એણે ફાફડા-જલેબી મિષ્ટાન વગેરે રામસેનાને ખવડાવ્યાં, આનંદ-પ્રમોદ કર્યો.ત્યારથી દશેરાના દિવસે ફાફડાજલેબી ખવડાવવાનો રિવાજ પ્રચલિત બની ગયો. દશેરા એટલે વિજયાદશમી. વિજયાદશમી તો વણજોયું ઉત્તમ મુહૂર્ત (શુભસમય-દિવસ) ગણાય છે. એટલે આવા શુભ મુહૂર્તે અત્યારે મોંઘા વાહનો (ગાડી, કાર, ટ્રેક્ટર, રીક્ષા વગેરે) ખરીદાય છે. વળી દશેરાના વિજયાદશમીના દિવસે રથ-ઘોડા વગેરે વાહનો દ્વારા મેળવાતા વિજયની કથાઓ ગૂંથાયેલી છે. એટલે જ આ દિવસે રથ, ઘોડા વગેરે દોડાવવાની સ્પર્ધાઓ યોજાય છે. દશેરા એટલે શત્રુના સીમાડે ત્રાટકીને વિજય મેળવવાનો દિવસ, આ દિવસે ભગવાન રામે રાવણ સાથે યુદ્ધ કરવા પ્રસ્થાન કર્યું હતું. તેથી આજે પણ કેટલેક સ્થળે લોકો ગામનો સીમાડો ઓળંગે છે. રાજાઓના કાળમાં આ દિવસે કોઈ રાજા સીમા ઓળંગીને શત્રુ તરફ પ્રસ્થાન કરે, એવી પરંપરા હતી. આ સંદર્ભમાં આજે પણ વિજય મેળવવાની ભાવનાથી શસ્ત્રો, ઘોડા, વાહનો વગેરેની પૂજા થાય છે.

મરાઠાઓ અને રાજપૂતો વાહનો-શસ્ત્રો વગેરેની પૂજા કરીને શત્રુના પ્રદેશ ઉપર ચઢાઈ કરતા શસ્ત્રાસ્ત્ર સજ્જ કરી, હાથી-ઘોડાની સવારી નીકળતી, ઘોડાદોડની સ્પર્ધાઓ પણ થતી. આ સંદર્ભમાં બહુચરાજી વગેરે સ્થાનકોએ દશેરાના દિવસે માતાજીને નવલખો હાર પહેરાવીને એમની ભવ્ય સવારી સીમા ઓળંગી, ગામ બહાર શમીવૃક્ષનું પૂજન કરવા જાય છે. માતાજીના હાથોમાં પણ શસ્ત્રો છે. એ શસ્ત્રોથી એમણે રાક્ષસોનો સંહાર કરેલો. આ સંદર્ભમાં પણ વિજ્યાદશમીએ શસ્ત્રોની પૂજા થાય છે.

### ન્યૂઝ બ્રિફ

## કેલેન્ડર યરમાં સૌથી વધુ સિક્સરના આફ્રિદીના રેકોર્ડને રોહિતે તોડ્યો



। ધર્મશાલા, તા.૨૩ ।
ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ગઈકાલે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૨૧મી મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને ૪ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ એક ખાસ સિદ્ધિ મેળવી હતી. રોહિતે પાકિસ્તાનના પૂર્વ ખેલાડી શાહિદ આફ્રિદીનો વર્ષો જૂનો રેકોર્ડ તોડ્યો હતો. રોહિત એક કેલેન્ડર યરમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે શાહિદ આફ્રિદીથી આગળ નીકળી ગયો છે. ન્યુઝીલેન્ડ સામે ગઈકાલે રમાયેલી મેચમાં રોહિત શર્માએ ૪૦ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૪ ચોગ્ગા છે ૪ છગ્ગા પણ ફટકાર્યા હતા. આ ૪ છગ્ગાની મદદથી રોહિત એક કેલેન્ડર યરમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લીસ્ટમાં ત્રીજા નંબરે પહોંચી ગયો છે.

## બે ઇવેન્ટમાં તમામ ત્રણેય મેડલ ભારતના ખાતામાં આવ્યા



। હાંગઝોઉ, તા.૨૩ ।
ચીનના હાંગઝોઉમાં એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩ શરૂ થઈ ગઈ છે. આ સાથે પેરા ગેમ્સમાં પણ ભારતનો દબદબો શરૂ થઈ ગયો છે. આ મેગા ઈવેન્ટમાં કુલ ૩૦૯ ભારતીય ખેલાડીઓએ ભાગ લીધો છે, જેમાંથી ૧૯૬ પુરૂષો અને ૧૧૩ મહિલા છે. એશિયન પેરા ગેમ્સમાં પુરૂષોની ઊંચી કૂદમાં ભારતે અજાયબીઓ કરી હતી. આ ઈવેન્ટમાં ભારતે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ એમ ત્રણેય મેડલ જીત્યા હતા. શૈલેષ કુમારે ગોલ્ડ, મરિયપ્પન થાંગાવેલુએ સિલ્વર અને રામ સિંહ પઢિયારે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. કુમારે એશિયન પેરા ગેમ્સનો ૧.૮૨ મીટરનો રેકોર્ડ બનાવ્યો અને પુરુષોની ઊંચી કૂદ_૬૩ ગોલ્ડ જીત્યો જ્યારે દેશબંધુ મરિયપ્પન થાંગાવેલુ (૧.૮૦ મીટર) અને ગોવિંદભાઈ રામસિંગભાઈ પઢિયારે (૧.૭૮ મીટર) અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ જીત્યો. જોકે, આ ઈવેન્ટમાં ત્રણેય ભારતીયો એકમાત્ર સ્પર્ધક હતા.

# દિગ્ગજ લેગ સ્પિનર બિશનસિંહ બેદીનું ૭૭ વર્ષની વયે નિધન



। નવી દિલ્હી, તા.૨૩ ।
અત્યારે ભારતમાં આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૩નું આયોજન શાનદાર રીતે થઈ રહ્યું છે, પરંતુ આ દરમિયાન ક્રિકેટ જગત માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે. ભૂતપૂર્વ ભારતીય ખેલાડી બિશન સિંહ બેદીનું નિધન થયું છે. તેમને ટીમ ઈન્ડિયાને કેટલીય મેચો પોતાના દમ પર જીતાડી છે, તે તેમની રહસ્યમય સ્પિન બૉલિંગ માટે જાણીતા હતા.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર બિશન સિંહ બેદીનું સોમવારે નિધન થયું છે. તેઓ ૭૭ વર્ષના હતા. ભારતના સર્વશ્રેષ્ઠ સ્પિનરોમાંથી એક બિશન સિંહ બેદીએ ભારત માટે કુલ ૭૭ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. બિશન સિંહ બેદીએ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૨૭૩ વિકેટ લીધી હતી. બિશન સિંહ બેદીનો જન્મ ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૬ના રોજ અમૃતસરમાં થયો હતો. તે એક ઉત્તમ લેફ્ટ આર્મ બૉલર હતા. તેમને ૧૯૬૬ થી ૧૯૭૯ દરમિયાન ભારત માટે ટેસ્ટ ક્રિકેટ રમી હતી અને તે



જાદુઈ ભારતીય સ્પિન ચોકડીનો પણ એક ભાગ હતા. તેમને ૨૨ ટેસ્ટ મેચોમાં ભારતની કેપ્ટનશિપ પણ કરી હતી. તેમને ૬૭ ટેસ્ટ મેચમાં ૨૬૬ વિકેટો લીધી હતી. તેમને પોતાની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ કારકિર્દી ૧૫૬૦ વિકેટો સાથે પૂરી કરી હતી.

ખાસ વાત છે કે, બૉલિંગ ઉપરાંત બિશન સિંહ બેદીમાં નેતૃત્વ ક્ષમતા પણ હતી. બિશન સિંહ બેદીને ૧૯૭૬માં ટીમ ઈન્ડિયાના કેપ્ટન બનાવવામાં આવ્યા હતા અને તેમણે ૧૯૭૮ સુધી ટીમ ઈન્ડિયાની કમાન સંભાળી હતી. બિશન સિંહ બેદીને એવા કેપ્ટન તરીકે ઓળખવામાં આવે છે કે જેમણે ટીમમાં લડાઈની ક્ષમતા ઉભી કરી અને શિસ્તના સંદર્ભમાં નવા માપદંડો સ્થાપિત કર્યા. કેપ્ટન તરીકે બેદીએ એક નવી સ્ટૉરી પણ લખી. કેપ્ટન તરીકે બિશન સિંહ બેદીએ ૧૯૭૬માં વેસ્ટ ઈન્ડિઝને તેની જ ધરતી પર ટેસ્ટ સીરીઝમાં તે સમયની સૌથી મજબૂત ટીમ કેરેબિયનને હરાવી હતી.

ક્રિકેટને અલવિદા કહ્યા પછી પણ બિશન સિંહ બેદીનો આ રમત સાથેનો સંબંધ ખતમ ન થયો. બિશન સિંહ બેદીએ લાંબા સમય સુધી આ રમત સાથે પોતાને જોડાયેલા રાખ્યા. બેદીએ કૉમેન્ટેટર તરીકે પણ ક્રિકેટ જગતમાં પોતાની ઓળખ બનાવી હતી. કૉચ તરીકે પણ બિશન સિંહ બેદી લાંબા સમય સુધી ક્રિકેટ સાથે જોડાયેલા રહ્યા, એટલું જ નહીં સ્પિન વિભાગમાં ભારતને મજબૂત રાખવા માટે બિશન સિંહ બેદીએ નવા ખેલાડીઓને તાલીમ આપી અને ભારતીય ક્રિકેટમાં છેલ્લી ઘડી સુધી મહત્વપૂર્ણ યોગદાન આપતા રહ્યા હતા.



ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વર્લ્ડ કપની મેચ દરમિયાન પાકિસ્તાનનો બેસ્ટમેન ઈમામ-ઉલ-હક શોટ રમતા જોવા મળે છે.

### ભારનો વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડ સામે ચાર વિકેટે વિજય

## કીવી સામે વિજય સાથે ભારત પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને

### સ્પર્ધામાં રન બનાવવાના મામલે ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલી પાંચ ઈનિંગ્સમાં ૩૫૪ રન સાથે ટોચ પર છે

। ધર્મશાલા, તા.૨૩ ।
વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ગઈકાલે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી મેચમાં ભારતે ૪ વિકેટથી જીત મેળવી હતી. આ સાથે જ ભારતીય ટીમ પોઈન્ટ્સ ટેબલમાં પહેલા નંબરે પહોંચી ગઈ છે. જે રીતે પોઈન્ટ્સ ટેબલમાં ભારતીય ટીમ ટોપ પર છે તે જ રીતે રનોના મામલે પણ બે ભારતીય બેટ્સમેનો ટોપ પર છે. બીજી તરફ બોલિંગમાં જસપ્રીત બુમરાહે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતીય ટીમનો સ્પિનર કુલદીપ યાદવ પણ ટોપ-૧૦ બોલર્સની લીસ્ટમાં સામેલ છે.

વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની લીસ્ટમાં ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ટોપ પર છે. વિરાટે ૫ ઈનિંગ્સમાં ૩૫૪ રન બનાવ્યા છે, જયારે રોહિત શર્મા આ લીસ્ટમાં બીજા નંબરે છે. રોહિતે ૫ ઈનિંગ્સમાં ૩૧૧ રન બનાવ્યા છે. પાકિસ્તાન ટીમનો વિકેટકીપર મોહમ્મદ રિઝવાન ૨૯૪ રન સાથે ત્રીજા નંબરે છે, જયારે ન્યુઝીલેન્ડનો ખેલાડી રચિન રવિન્દ્ર ૨૯૦ રન સાથે ચોથા સ્થાને છે. પાંચમા નંબરે ૨૬૮ રન સાથે ન્યુઝીલેન્ડ ટીમના જ ડેરલ મિચેલનું નામ છે. વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન,



વિરાટ કોહલી-૩૫૪ રન, રોહિત શર્મા-૩૧૧ રન, મોહમ્મદ રિઝવાન-૨૯૪ રન, રચિન રવિન્દ્ર-૨૯૦ રન, ડેરલ મિચેલ-૨૬૮ રન.

વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ લેનાર બોલર્સની વાત કરીએ તો ન્યુઝીલેન્ડ ટીમના મિચેલ સેન્ટનરે ૫ મેચમાં ૧૨ વિકેટ ઝડપી છે અને તે આ લીસ્ટમાં ટોપ પર છે, જયારે ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ૫ મેચમાં ૧૧ વિકેટ સાથે બીજા નંબર પર છે. શ્રીલંકાનો દિલશાન મધુશંકા આ લીસ્ટમાં ૧૧ વિકેટ સાથે ત્રીજા નંબરે છે. ન્યુઝીલેન્ડનો મેટ હેનરી ૫ મેચમાં ૧૦ વિકેટ ઝડપી ચોથા સ્થાને છે. પાકિસ્તાની ફાસ્ટ બોલર શાહીન આફ્રિદી ૪ મેચમાં ૯ વિકેટ ઝડપી પાંચમા નંબર પર છે. વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ લેનાર બોલર, મિચેલ સેન્ટનર-૧૨ વિકેટ, જસપ્રીત બુમરાહ-૧૧ વિકેટ, દિલશાન મધુશંકા-૧૧ વિકેટ, મેટ હેનરી-૧૦ વિકેટ,શાહીન આફ્રિદી-૯ વિકેટ

# સ્પાઈડર કેમથી શ્રેયસ ઐયરને બેસ્ટ ફિલ્ડર જાહેર કરાયો

### રવિન્દ્ર જાડેજાને બાંગ્લાદેશ સામે મોટી સ્ક્રીન પર વીડિયો પ્લે કરીને બેસ્ટ ફિલ્ડર જાહેર કરવામાં આવ્યો હતો

। ધર્મશાલા, તા.૨૩ ।
ભારતે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં તેની પાંચમી મેચમાં ન્યુઝીલેન્ડને ૪ વિકેટથી હરાવ્યં હતું. આ ભારતની સતત ૫મી જીત હતી. પરંતુ ભારતીય ખેલાડીઓને જેટલી ખુશી મેચ જીતવાની થઈ તેનાથી વધુ ખુશી પોસ્ટ મેચ સેરેમનીમાં જોવા મળી હતી. ટીમના બેસ્ટ ફિલ્ડરનો મેડલ જીતવા અને આ જીતને સેલિબ્રેટ કરવાની ઉત્સુકતા જોવા લાયક હોય છે. મેડલ ટીમના ગમે તે ખેલાડીને મળે પરંતુ તેની ઉજવણી ટીમનો દરેક ખેલાડી કરતો હોય છે. ભારતીય ટીમના ફિલ્ડીંગ કોચ ટી. દિલીપ મેડલ આપવાની જુદી જુદી રીત અપનાવતા હોય છે.



આવી જ એક નવી રીત ગઈકાલની મેચ બાદ જોવા મળી હતી. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી મેચમાં ઘણાં કેચ છુટ્યા પરંતુ ફિલ્ડીંગ કોચ ટી. દિલીપે કહ્યું આવું તો થતું રહે છે. જો કે ટીમે વાપસી કરી અને ખુબ સારી ફિલ્ડીંગ કરી હતી. આ મેદાન પર ડાઈવ લગાવવી ખુબ જ ખતરનાક છે કારણ કે આ વખતે આઉટ ફિલ્ડ એટલી સારી નથી. આઉટફિલ્ડ સારી ન હોવા છતાં ભારતીય ખેલાડીઓ એ કેટલાંક સારા કેચ પકડ્યા અને શાનદાર ફિલ્ડીંગ કરી હતી. આ માટે શ્રેયસ અય્યરને બેસ્ટ ફિલ્ડર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. સ્પાઈડરકેમ દ્વારા આની જાહેરાત કરવામાં આવી હતી. રવિન્દ્ર જાડેજાને બાંગ્લાદેશ સામે રમાયેલી મેચમાં જયારે બેસ્ટ ફિલ્ડરનો મેડલ મળ્યો હતો ત્યારે તેના માટે મોટી સ્ક્રીન પર વીડિયો પ્લે કરવામાં આવ્યો હતો, પરંતુ આ વખતે જયારે શ્રેયસ અય્યરને બેસ્ટ ફિલ્ડરનો મેડલ મળ્યો તો ભારતીય ટીમના ફિલ્ડીંગ કોચે મેદાન પરના સ્પાઈડરકેમનો ઉપયોગ કર્યો હતો. સ્પાઈડરકેમ પર એક પ્લેટ લટકી હતી જેના પર શ્રેયસ અય્યરની તસવીર હતી અને તેના પર અય્યરનું નામ લખેલું હતું. જેવી રીતે જ બધાને ખબર પડી કે આ શ્રેયસ અય્યર છે તો તમામ ખેલાડીઓ ઝૂમવા લાગ્યા હતા અને રવિન્દ્ર જાડેજાએ તેને મેડલ આપ્યો હતો.

### ન્યૂઝીલેન્ડ સામે સુર્યકુમાર યાદવના રન આઉટને લઈને વિવાદ

## કોહલી સામે રનઆઉટમાં સુર્યાની વિરાટ ભૂલ હોવાનો સંજય બાંગરનો મત મળ્યો

### ઓફ સાઈડ પર શોટ રમ્યા બાદ સુર્યાએ રન લેતા સમયે વિરાટ કોહલીની સામે જોયું નહીં અને દોડી ગયો

। ધર્મશાલા, તા.૨૩ ।
ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ગઈકાલે રમાયેલી મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને ૪ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ૯૫ રન બનાવીને ભારતને જીત અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ મેચમાં એક સમય એવો પણ આવ્યો જયારે ભારતીય ટીમને હારનો સામનો પણ કરવો પડી શકતો હતો. મેચના નિર્ણાયક સમયે સૂર્યકુમાર યાદવ રન આઉટ થયો હતો. પરંતુ તે પછી જાડેજા અને કોહલીએ ૭૮ રનની ભાગીદારી કરી ભારતને જીત અપાવી હતી. સોશ્યલ મીડિયા પર સૂર્યાના રન આઉટને લઈને હોબાળો મચ્યો છે. સૂર્યકુમાર યાદવના રન આઉટ થયા બાદ સોશ્યલ મીડિયા પર ક્રિકેટ ફેન્સ હવે આ ચર્ચામાં જોડાયા છે કે આખરે વાંક કોનો હતો. સૂર્યાએ ઓફ સાઈડ પર શોટ માર્યો એ રન લેવા માટે દોડ્યો હતો. જયારે તે રન લેવા માટે દોડ્યો ત્યારે તે વિરાટ કોહલીની તરફ જોઈ રહ્યો ન હતો. તે જોયા વગર જ દોડીને કોહલી પાસે પહોંચી



ગયો હતો. આવી સ્થિતિમાં બંને ખેલાડીઓથી ભૂલ થઈ હતી. જો કે સૂર્યાને ખબર હતી કે વિરાટની વિકેટ કેટલી મોટી છે. આ જ વિચારના કારણે તે પાછો ફરી ગયો અને રન આઉટ થયો હતો. પરંતુ અહિયાં ભૂલ સૂર્યાની છે, કારણ કે રન લેતા સમયે તેનો ધ્યાન કોહલીની તરફ નહીં પરંતુ શોટ મારેલી દિશાની તરફ હતું. કોમેન્ટ્રી કરી રહેલા સંજય બાંગરે તરત જ કહ્યું કે 'અહીં સૂર્યાની ભૂલ હતી. સૂર્યાએ પોતાના સાથી ખેલાડી તરફ નજર પણ ન કરી અને તેજ ગતિએ રન લેવા માટે દોડ્યો. બંને ખેલાડીઓએ આ સમયે રન લેતી વખતે એકબીજાને જોયા નહોતા. બંને વચ્ચે તાલમેલનો અભાવ અહીં સ્પષ્ટ દેખાય છે.' જયારે સૂર્યા રન આઉટ થયો ત્યારે કોહલી પણ આશ્ચર્યચકિત થઈ ગયો હતો.

### ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારતીય ખેલાડીઓના અનેક રેકોર્ડ

## વન-ડેમાં 3000થી વધુ રન સાથે કોહલીના સૌથી વધુ રન

### ગેલે આઈસીસીના લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં ૨૯૪૨ રન બનાવ્યા છે અને કોહલી એ 3000 રનનો આકડો પાર કર્યો

। ધર્મશાલા, તા.૨૩ ।
ભારતે ન્યુઝીલેન્ડને ગઈકાલે રમાયેલી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની મેચમાં ૪ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં કોહલીએ ૧૦૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૯૫ રન બનાવ્યા હતા. તે સદીથી ચુકી ગયો હતો પરંતુ તેને એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. કોહલીએ આઈસીસીની લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ તોડી દીધો છે. આ મામલે કોહલીએ વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલને પાછળ છોડી દીધો છે. વિરાટ કોહલીએ આઈસીસીના લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં ૩૦૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે જ કોહલી વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલથી આગળ નીકળી ગયો છે. ગેલે આઈસીસીના લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં ૨૯૪૨ રન બનાવ્યા છે. વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં કોહલીએ બાંગ્લાદેશ સામે સદી ફટકારી હતી. તેણે ૯૭ બોલમાં ૬ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા. પછી ઓસ્ટ્રેલિયાની સામે તેણે ૮૫ રન અને અફઘાનિસ્તાન સામે ૫૫ રન બનાવ્યા હતા. આ ઉપરાંત કોહલીએ ગઈકાલે માર્ક ચેપમેન અને ડેરલ મિચેલનો કેચ પકડી વનડેમાં પોતાના ૧૫૦ કેચ પૂરા કર્યા હતા.

# ભારતે એશિયન પેરા ગેમ્સમાં ૬ ગોલ્ડ, ૭ સિલ્વર, ૫ બ્રોન્ઝ જીત્યા

### પ્રાચી યાદવે એશિયન પેરા ગેમ્સમાં ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો, પ્રણવ સુરમા, અંકુર ધામાએ પણ ગોલ્ડ મેડલ જીત્યા

। હાંગઝોઉ, તા.૨૩ ।
એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩ ૨૨ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન ચીનના હાંગઝોઉમાં રમાઈ રહી છે જેમાં પ્રવીણ કુમારે મેન્સ હાઈ જમ્પ-ટી૬૪માં ૨.૦૨ મીટર (ગેમ્સ રેકોર્ડ)ના શ્રેષ્ઠ જમ્પ સાથે ગોલ્ડ જીત્યો, ઉન્ની રેણુએ ૧.૯૫ મીટરના શ્રેષ્ઠ જમ્પ સાથે બ્રોન્ઝ જીત્યો. ભારતે હવે એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડ જીત્યો છે. તે મુજબ ૬ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૮ મેડલ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે. પ્રાચી યાદવે એશિયન પેરા ગેમ્સમાં ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો. પ્રાચી યાદવે કેનો વીએલર



ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જે બાદ ભારત માટે મેડલનો વરસાદ થયો હતો. પ્રણવ સુરમાએ એફ૫૧ ક્લબ થ્રો ઈવેન્ટમાં ૩૦.૦૧ મીટરના પ્રયાસ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો અને એશિયન પેરા ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો, જ્યારે ધરમબીર (૨૮.૭૬એમ) અને અમિત કુમાર (૨૬.૯૩એમ) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા. ઈવેન્ટમાં માત્ર ચાર સ્પર્ધકો હતા, જેમાં સાઉદી અરેબિયાની રાધી અલી અલાર્થી ૨૩.૭૭ મીટરના થ્રો સાથે છેલ્લા સ્થાને રહી હતી. સુરમાને ૧૬ વર્ષની ઉંમરે અકસ્માત થયો હતો જેમાં તેની કરોડરજ્જુમાં ઈજા થઈ હતી અને તે લકવો થઈ ગયો હતો. આ પછી તેણે પેરા સ્પોર્ટ્સમાં હાથ અજમાવવાનું નક્કી કર્યું, ૨૯ વર્ષીય ખેલાડીએ ૨૦૧૯ બેઈજિંગ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાં પ્રી ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો. એફ૫૧ ક્લબ થ્રો ઈવેન્ટ એથ્લેટ્સ માટે છે જેમની કમર, પગ અને હાથની આસપાસની હિલચાલ નોંધપાત્ર રીતે પ્રભાવિત છે. આમાં, સ્પર્ધકો બેસીને સ્પર્ધા કરે છે અને ખભા અને હાથની તાકાત પર આધાર રાખે છે. ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં સોમવારે ભારતના અંકુર ધામાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ૫૦૦૦ મીટરની દોડ ૧૬:૩૭.૨૯ મિનિટમાં પૂરી કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૨૯ વર્ષીય અંકુર ધમા અર્જુન પુરસ્કાર વિજેતા છે. અંકુર ઉત્તર પ્રદેશના બાગપતના ખેકરા નગરનો રહેવાસી છે. બાળપણમાં જ તેણે આંખોની રોશની ગુમાવી દીધી હતી. અંકુર ૨૦૧૬ રિયો પેરાલિમ્પિક્સમાં ભાગ લેનાર ભારતનો પ્રથમ અંધ એથ્લેટ હતો.

## વિરાટ સદી ચૂક્યો તો અનુષ્કાએ શેર પોસ્ટ કરતા ફેન્સ ભાવુક થયા



। નવીદિલ્હી,તા.૨૩ ।
ગઈકાલે ધર્મશાલા ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ રમાઈ હતી. જેમ ભારતે ન્યુઝીલેન્ડને ચાર વિકિટે હરાવ્યું હતું. ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરીને ભારતને ૨૭૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતની જીતમાં સૌથી વધુ રનનું યોગદાન કોહલીએ આપ્યું હતું. વિરાટ કોહલીએ ૧૦૪ બોલમાં ૯૫ રણની શાનદાર ઈનિંગ રમી હતી. ન્યુઝીલેન્ડ સામેની આ જીત ઉજવણીનું સૌથી મોટું કારણ હતી, પરંતુ કોહલી સદી ચૂકી જતાં ફેન્સ નિરાશ થયા હતા. ત્યારે અનુષ્કા શર્માએ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પોસ્ટ કરીને વિરાટ કોહલીની શાનદાર ઈનિંગને રિએક્શન આપ્યું છે. કોહલી ૯૫ રને રમી રહ્યો હતો ત્યારે તેણે મેટ હેનરીના બોલ પર સિક્સર ફટકારવા માટે મોટો શોટ રમ્યો હતો.

## તંત્રી લેખ...

# ઓર્ગેનિક ખોરાકનો બજારમાં ઉછાળો

અશુદ્ધ હવા, પ્રદૂષિત પાણી અને ઝેરી ખોરાકના કારણે તેમના સ્વાસ્થ્ય અને જીવનશૈલી પર ગંભીર અસર પહોંચી રહી છે એ વાતથી મોટી સંખ્યામાં ભારતીયો વાકેફ થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સંપર્કમાં વધારો અને સંચારની બહુવિધ ચેનલોની પહોંચને કારણે શહેરી વિસ્તારોની જીવનશૈલીમાં વધતા જતા રોગો અંગે ચિંતા વધી છે. અર્બન ઈન્ડિયા પાસે સ્વાસ્થ્ય જાગૃતિને આગળ લાવવા બદલ આભાર માનવા માટે સોશિયલ મીડિયા છે. આનાથી એમને ખેતીમાં વપરાતા રસાયણોની હાનિકારક અસરો વિશે વધુ માહિતી હવે મળી ગઈ છે. મીડિયાએ એક ચોક્કસ જાગૃતિ પણ ઊભી કરી છે કે મોટાભાગના રોગોથી બચવા માટે આહાર અને જીવનશૈલીમાં પરિવર્તન હવે અનિવાર્ય છે. રોગોથી બચી શકાય છે. સેલિબ્રિટીઝ લોકોને ઓર્ગેનિક આહારથી પ્રાપ્ત થતું સ્વાસ્થ્ય અને ખાદ્ય સુરક્ષા મુદ્દાઓ વિશે પણ જાગૃત કરી રહ્યા છે. આ સામાન્ય જાગૃતિ વધુને વધુ લોકોને ઓર્ગેનિક ખોરાક તરફ આકર્ષવામાં મદદરૂપ થઈ છે. જૈવિક ઉત્પાદનોને, રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વિના સામાજિક અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ અભિગમ સાથે ઉગાડવામાં આવે છે. ઓર્ગેનિક ફૂડ આપણને સ્વસ્થ જીવનનો વિકલ્પ આપે છે. એ ખાતરી આપે છે કે ઝેરી જંતુનાશકો, કૃત્રિમ ખાતરો અથવા આનુવંશિક રીતે સંશોધિત સજીવો (જીએમઓ)નો ઉપયોગ ઓર્ગેનિક ખોરાકના ઉત્પાદનમાં થતો નથી, અને પ્રાણીઓને એન્ટિબાયોટિક્સ અથવા વૃદ્ધિ હોર્મોન્સ આપવામાં આવતા નથી. વાસ્તવમાં, તે ગ્રાહકોને આશ્વાસન આપે છે કે જમીનની ફળદ્પતા અને પુનઃજનન ક્ષમતાને સાચવતી વખતે ખેતીના ઉચ્ચ ધોરણોને પૂર્ણ કરવામાં આવ્યા છે. ભારતમાં, હાલમાં ઓર્ગેનિક ખોરાકનો વપરાશ મોટાભાગે મેટ્રોપોલિટન શહેરો અને તેમના પડોશી વિસ્તારો પૂરતો મર્યાદિત છે. ગ્રામીણ ભારત હજુ પણ ઓર્ગેનિક ફૂડના ફાયદાઓથી સંપૂર્ણપણે વાકેફ નથી. જો કે, પરંપરાગત ખેતી પદ્ધતિઓના તેમના ઐતિહાસિક જ્ઞાને તેમને તીવ્ર શહેરી ખાદ્ય પ્રદૂષણથી સુરક્ષિત કર્યા છે. ફળો અને શાકભાજીમાં રહેલા વિષાણુ તત્ત્વો અને બાળકો પર તેની ખરાબ અસરોએ સૌ પ્રથમ માતા-પિતાનું ધ્યાન ઓર્ગેનિક ખોરાક તરફ દોર્યું. આજે, નિર્ણય ગ્રાહકો પર છોડી દેવામાં આવ્યો છે, કારણ કે મોટાભાગની ખાદ્ય શ્રેણીઓમાં વપરાશ માટે નિયમિત અને ઓર્ગેનિક સંસ્કરણો ઉપલબ્ધ છે. ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે, ભારત સરકારે નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન (NPOP)નો અમલ કર્યો છે. NPOP હેઠળ, ઓર્ગેનિક સર્ટિફિકેશનનો વિસ્તાર પહેલેથી જ ૩.૫૬ મિલિયન હેક્ટરને વટાવી ગયો છે. રાજ્યોમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ઓર્ગેનિક સર્ટિફિકેશન હેઠળ જમીનનો સૌથી મોટો હિસ્સો છે. દેશમાં લાગુ કરવામાં આવેલા કડક ધોરણોને કારણે, એ નોંધવું આનંદદાયક છે કે ભારતીય ઓર્ગેનિક ઉત્પાદનોની વૈશ્વિક ડિમાન્ડ વધી રહી છે અને લાખો મિલિયન ડોલરની નિકાસ નોંધાઈ છે. વરસો પહેલા દિપક સચદે નામના મહાપુરુષે ભારતીય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ પાછા ફરવાનું આંદોલન ઉપાડયું હતું તેના આ સુપરિણામો છે. એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ પહેલાથી જ ઓર્ગેનિક ફૂડની નિકાસ - તેલીબિયાં, ચા, ખાંડ, અનાજ, મસાલા, કઠોળના ઓર્ગેનિક નિકાસમાં ચાલીસ ટકા વૃદ્ધિ છેલ્લા થોડા સમયમાં જ નોંધાવી છે-જે માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપમાં જ નિકાસ કરવામાં આવતી નથી.

# ઉચ્ચ શિક્ષણમાં ઊઠે છે ગુણવત્તાનો પ્રશ્ન

શિક્ષણમાં ગુણવત્તાના મામલે તકરાર અને બૂમબરાડા ફક્ત અનામતનો પ્રશ્ન આવે ત્યારે જ ઊભા થતા હોય છે. ‘અનામત બેઠકોને લીધે ઉતરતી ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ફરજ પડે છે અને તેના લીધે એકંદરે ઉચ્ચ શિક્ષણનું સ્તર કથળે છે’ આવી લોકપ્રિય દલીલ ઘણી વાર સાંભળવા મળે છે. પરંતુ સેલ્ફ ફાયનાન્સ્ડ શિક્ષણસંસ્થાઓના જમાનામાં અનામતના ખાળે ડૂચા દેવાનાં ખ્વાબ જોતા ઘણાખરા લોકોને, ધનિકો માટે ઉઘાડાફટાક થઇ ગયેલા દરવાજા ભાગ્યે જ દેખાય છે. શૈક્ષણિક સંસ્થાઓના મામલે ‘સેલ્ફ ફાયનાન્સ્ડ’નું ગુજરાતી સામાન્ય રીતે ‘સ્વનિર્ભર’ એવું કરવામાં આવે છે, પરંતુ શબ્દકોશને બદલે વ્યવહારનો સંદર્ભ લઈએ, તો સેલ્ફ ફાયનાન્સ્ડ શિક્ષણસંસ્થાઓ કેવળ સ્વનિર્ભર બનીને-પોતાના પગ પર ઊભી રહીને- અટકી જતી નથી, બલ્કે તે નાણાંના બળે દોડવા અને ઉડવા પણ પ્રયાસ કરતી જણાય છે. એ દૃષ્ટિએ તેમને સ્વનિર્ભર કરતાં ખાનગી કે ધંધાદારી કહેવી વધારે યોગ્ય ગણાશે. છેલ્લાં થોડાં વર્ષોમાં શિક્ષણક્ષેત્રે સરકારી સંસ્થાઓ ખૂણે હડસેલાઇ રહી છે અને ખાનગી સંસ્થાઓનો દબદબો વધી રહ્યો છે. આઇ.આઇ.એમ. અને આઇ.આઇ.ટી.ને બાદ કરતાં, સરકારના સીધા યા આડકતરા અંકુશ તળે રહેલી મોટા ભાગની સંસ્થાઓ, સેલ્ફ ફાયનાન્સ્ડ સંસ્થાઓ સામેની લડાઇ હારી રહી છે. મુખ્ય સવાલ ‘ખાનગી વિરુદ્ધ સરકારી’નો નથી. એવી જ રીતે, ‘સરકારી એટલે રેઢિયાળ’ અને ‘ખાનગી એટલે ગુણવત્તાસભર’ એવું જૂનું સમીકરણ પણ હવે લાગુ પાડી શકાય એમ નથી. હા, ‘સરકારી એટલે સસ્તું’ અને ‘ખાનગી એટલે મોંઘુંદાટ’ એવું અવશ્ય છે, પણ ‘મોંઘું એટલું સારું’ એવું કહી શકાતું નથી. ધંધાદારી શિક્ષણસંસ્થાઓનું તોતંગિ આર્થિક પાસું બેશક ભારતના બહુમતી વર્ગને ઉચ્ચ અભ્યાસથી વંચિત રાખી શકે એવું છે. છતાં, તેની અંદર કોઇ રીતે પ્રવેશ મળી જાય તો પણ વધારે મહત્ત્વનો એવો ગુણવત્તાનો મુદ્દો ઊભો રહે છે. ગુજરાત સહિત દેશભરમાં ઇજનેરી કે ફાર્મસી કે બિઝનેસ મેનેજમેન્ટની બેઠકસંખ્યામાં ખાનગીકરણ પછી એટલો મોટો ઊછાળો આવ્યો છે કે સદ્ધર આર્થિક સ્થિતિ ધરાવનાર ફક્ત પાસંગિ માર્ક લાવે તો પણ આ અભ્યાસક્રમોમાં એક વાર પ્રવેશ તો મળી જ જાય. ઊલટું, દરેક વર્ષે આ અભ્યાસક્રમોમાં મોટા પ્રમાણમાં બેઠકો, પૂરતા વિદ્યાર્થીઓના અભાવે ખાલી રહે છે. એટલે કે, કોઈ પણ જાતનું ગળણું આ અભ્યાસક્રમોમાં રહેતું નથી. પરિણામે, ત્રિવિધ વક્રતાભરી પરિસ્થિતિ કંઈક આવી સર્જાય છેઃ એક તરફ પ્રવેશ માટેનું સ્તર નીચામાં નીચું ઉતારવા છતાં બેઠકો ખાલી રહે. બીજી તરફ કહેવા પૂરતું ઉચ્ચ શિક્ષણ મેળવીને અઢળક વિદ્યાર્થીઓ બહાર પડે. છતાં ત્રીજી તરફ, મોટા ઉદ્યોગોને જરૂરી ગુણવત્તા ધરાવતા ડિગ્રીધારીઓ મળે નહીં. માગ અને પુરવઠો- એ સાંકળ પ્રમાણે ઉચ્ચ કૌશલ્ય ધરાવતા લોકોની પૂરતી માગ અને પૂરતો પુરવઠો હોવા છતાં, તેમની વચ્ચેથી ગુણવત્તાનું તત્ત્વ ગાયબ હોવાને કારણે, માગ અને પુરવઠા વચ્ચેનો સેતુ સર્જાઇ શકતો નથી. એવી જ રીતે, ડિગ્રીની દુકાનો જેવી ઉચ્ચ શિક્ષણની ખાનગી સંસ્થાઓમાં બેઠકોનો પુરવઠો એટલો વધી પડ્યો છે.

# આજે રાવણ બહાર નથી, દરેકમાં ભીતર જ એક રામ અને એક રાવણ બંને વસે છે, એને ઓળખવો પડશે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે જગત જનની.

શકાદયા સૂરગણાં નિહતે તિવિર્ય તસ્મિન દુરાત્મનિ સૂરારિ બલે ચ દેવ્યામ, નોમ નાં પણ યજ્ઞ કાર્ય સંપન્ન થયા. વિશ્વંભરી, જય આદ્યા શક્તિની આરતી, તેમજ આંખડી અધીર મારી આંખડી અધીર.. અંબા અભય પદ દાયની રે.. ડુંગર માંથી પ્રગટ્યા છો મા હરસિદ્ધા જયકારી હો.. છેટાં રહોને સૌ છેટાં રહો અંબે બહુચરને રમવા દ્યો... આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો આતો મારાં માજીના રથનો રણકાર... દર્શન ક્યારે દેશો દયાળી મા.. આ બધું જ હવે નવરાત્રી પૂરી થતાં પુરું! નવ નવ દિવસથી ચાલતું આ ભક્તિ ભાવનું પર્વ કાળીયુગી માનસિકતા પ્રમાણે પૂર્ણ થયું, એટલે કે કોઈ એ સાત્વિક શ્રદ્ધાથી આ ઉપાસના કરી, તો કોઈએ તામસી સાધનાથી કંઈક મેળવવા માટે મા જગદંબાની ઉપાસના કરી, બહાર તો બધું સરખું કર્યું, પરંતુ અંદર હજી એક બહુ મોટો વિકાર એટલે કે આ અહંકાર રહી ગયો છે, અને એને પણ ખત્મ કરવો પડશે. આપણે ત્યાં રાવણને અહંકારનાં અવતાર તરીકે ઓળખવામાં આવે છે,તો આજે આપણે દશેરા એ લંકા પતિ રાવણ નરેશનાં અહંકાર વિશે વાત કરીશું.

આજે આસો સુદ દશમ એટલે કે વિજયાદશમી અથવા દશેરાનો તહેવાર છે, અને આપણે આ તહેવાર રામરૂપી સત્યના વિજયની યાદમાં ઉજવીએ છીએ. ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણ અને જાનકી પિતાનું વચન નિભાવવા માટે જ્યારે ૧૪ વર્ષનો વનવાસ ભોગવી રહ્યા છે, ત્યારે લંકાપતિ રાવણ સીતા માતાનું અપહરણ કરે છે, અને પોતાના દેશમાં લઈ જઈ તેને કેદ કરે છે. ભગવાન રામ ત્યારે સુગ્રીવ હનુમંત, અંગદ, જામવંત, નલ નીલ વગેરે જેવા રીંછ અને વાનરની સેના સાથે લંકા પર આક્રમણ કરે છે, અને રાવણનો વધ કરી સીતાજીને તેની કેદમાંથી છોડાવે છે. આટલી પ્રાથમિક માહિતી લગભગ દરેક ભારતીયને છે, અને ન હોય તો હોવી પણ જોઈએ. સતયુગ પછી ત્રેતાયુગ, ત્રેતા પછી દ્વાપર, અને દ્વાપર પછી અત્યારે કળિયુગ એની અસીમતા વટાવતો જાય છે. એટલે કે સમાજની બેન દીકરીઓની ઈજ્જત સરેઆમ ઉછળે છે, અને છતાં આરોપી આઝાદ ફરે છે. એટલે એવું લાગે કે આપણે આ દશેરાનો તહેવાર ઉજવીને રાવણને દંડ કરી રહ્યા છીએ! સમય બદલાય એમ સંદર્ભ પણ બદલાય, એટલે એ રીતે રાવણ આપ ણને ઘણો સજ્જન લાગે, કારણ કે એણે લંકામાં લઈ જવા છતાં સીતાજીનો સ્પર્શ પણ કર્યો નથી. આ ઉપરાંત યુદ્ધમાં પણ ક્યાંય અનીતિ થઈ હોય એવું નોંધાયું નથી, રાવણના પુત્ર ઈન્દ્રજીત કે મેઘનાદે વિજય માટે યજ્ઞ કર્યો હતો, એવી વાત નોંધાઈ છે, પણ રાવણે પોતાની જીત માટે કંઈ કર્યું હોય એવું નોંધાયું નથી. એટલે કે મંત્ર તંત્રનો પ્રયોગ તેણે કર્યો નહોતો! કારણ કે એ જાણતો હતો કે, પોતે આ ખોટું કરી રહ્યો છે, પણ એને પ્રભુ શ્રીરામના હાથે મૃત્યુ જોઈતું હતું, એટલે તેને બગાવત કરી એવો પણ અર્થ કાઢી શકાય, અથવા તુલસીદાસજી લખે છે તેમ રાવણ પણ અવતાર હતો.

કાળ ગણના પ્રમાણે અત્યારે દાનવ શ્રેણી દેખીતી રીતે લુપ્ત થઈ ગઈ છે, એટલે કે એક કરતાં વધુ મસ્તક હોવા માથે શિંગડા, લાંબા લાંબા હાથ, લાંબા લાંબા નખ,જેવો વિકૃત ચહેરો અને બીજું પણ કેટલુંય એવું બધું દેખાવની રીતે જોવા મળતું નથી. વિજ્ઞાનની રીતે કહીએ તો ઉત્ક્રાંતિવાદને કારણે આજે મનુષ્યનું એકદમ સુંદર સ્વચ્છ અને શિક્ષિત સ્વરૂપ આપણને મળી ગયું છે, પણ એમાં ધીરે ધીરે સંસ્કૃતિના સંસ્કારનું જે ભૂષણ હતું, એ લુપ્ત થતું જાય છે, અને એને કારણે ક્યાંક ક્યાંક આજનો માનવી રાવણ કરતા પણ વધુ વિકૃત છે, એ આપણે સૌ જાણીએ છીએ. આંતરિક રીતે પ્રવેશી ગયેલી વિકૃતિનું નિવારણ એમ એટલું સહેલું પણ નથી. એટલે કે કોઈ ઈચ્છે તો ન થાય, પરંતુ સ્વયંની ઈચ્છા હોય તો જ સ્વમાં સુધારો થાય, અને અન્ય ખરાબ છે એવું છે જ નહીં! પોતે જ ખરાબ છે, એવી માનસિકતા પર જ્યારે આજનો માનવી આવશે, ત્યારે સુધારો શક્ય છે, અને એની માટે આપણે આપણા ગુણ દોષનું નિત્ય ચિંતન મનન કરવું પડશે, શુદ્ધ અને સ્વચ્છ ચરિત્રોના જીવન ચરિત્રનું અધ્યયન કરવું પડશે.

આપણે નવ નવ દિવસથી મા જગત જનની જગદંબા આદ્યશક્તિની આરાધના કરી રહ્યા છીએ, અને એ સર્વોપરી શક્તિ છે જેની આગળ ત્રિદેવ નત મસ્તક હતાં, અથવા પોતાના કાર્ય માટે વિનવતા પણ દરશાવાયા છે. તો પ્રશ્ન એ થાય કે જ્યારે અવતાર તરીકે જન્મ લીધો ત્યારે નારી શક્તિનું મહાત્મ્ય જેટલું થવું જોઈએ એટલું થયું ખરું! ઈશ્વર કાર્ય કારણ સિધ્ધાંતથી પર હોય છે, એટલે એ જે કરે તે અવતાર લીલા કહેવાય! પરંતુ એક જીવ તરીકે એને મુલાવવામાં આવે તો એમાં પણ ત્રૂટી હતી. માતા સીતા જ નહીં રાણી કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, ઉર્મિલા, માંડવી, શ્રુતિકીર્તિ! બધાંએ જે તે સમય પ્રમાણે વગર કારણે દંડ ભોગવ્યો. દ્વાપરયુગની વાત કરીએ તો, પણ કુંતી, માદરી, દ્રોપદી, ઉત્તરા, ગાંધારી, અને બધા જ! શું કૌરવોની પત્નીઓ દ્રૌપદીનું ચીર હરણ ઈચ્છતી હતી?; પણ કેમ સૌ મૌન રહ્યા? એ રીતે જોઈએ તો આજનો કાળ ઘણો ઉત્તમ લાગે કારણ કે સમાજના ૨૫% ને બાદ કરતા બાકીના પ્રમાણમાં નારી શક્તિનું અનુમોદન કરી રહ્યા છે, અને તેની ઈચ્છાઓને માન પણ આપી રહ્યા છે તેને ઉડવા માટે આકાશ પણ આપ્યું છે અને ઘરગૃહસ્થિની જંજાળમાંથી થોડી મુક્ત પણ કરી છે.

ચૈત્ર સુદ નોમના દિવસે એટલે કે ચૈત્ર નવરાત્રની શક્તિની ઉપાસનાના અંતિમ દિવસે સત્યનો જન્મ થાય છે, અને આસો સુદ દશેરાએ એ રામ રાવણનો વધ કરે છે, ત્રેતા કાળ વીતી ગયાને આજે ઘણો સમય થઈ ગયો, એ પછી આખા યુગનો એટલે કે દ્વાપર યુગનો પણ અસ્ત થઈ ગયો. રાવણનો વધ કરવો, એટલે એનું આજના સમયમાં ચિંતન કરીએ તો, આજે રાવણ બહાર નથી. દરેકમાં ભીતર જ એક રામ અને એક રાવણ બંને વસે છે. સમય સમયે એક પાત્ર બીજા પાત્ર પર હાવી થાય છે, અને કર્મ કે કાર્ય કરાવી જાય છે. રાવણ પર રામ તત્વ હાવી થાય, ત્યારે ધર્મ કર્મ થાય અને રામપર રાવણ તત્વ હાવી થાય ત્યારે અધર્મ કાર્ય અથવા અધમ કૃત્ય થાય. શક્તિની નવ નવ દિવસની ઉપાસના કરી, અને જો આપણને રાવણ ન દેખાય તો, આપ ણી આ ઉપાસના નિષ્ફળ રહી છે, તેવું કહી શકાય. આત્મ વિશ્લેષણને અંતે રામ રાવણ બંને તત્વતઃ અવતાર જ છે. જો એ સ્ત્રી શક્તિ કે અસ્મિતાનું રક્ષણ કરનાર હતો એટલે સામે જ મૃત્યુ ઉભું છે, એ ખબર હોવા છતાં પણ પોતાના નિર્ણયમાં કોઈ ફેરફાર તેણે કર્યો નહીં. કારણ કે અન્તે તો રાવણ પણ અવતાર હતો, અને લીલા માત્ર કરી રહ્યો હતો. સમાજને શીખ દેવા માટે અવતારો આ રીતે લીલા કરતા,આપણે સૌ રામ અને રાવણ બંને પાત્રોમાંથી શીખ ગ્રહણ કરી, અને આગળનું જીવન પૂર્ણ કરીએ, તથા મા ભગવતીની અનંત ને અખંડ સાધના કરી તેના ચરણોમાં નિત્ય સ્થાન પામીએ, જીવનની દરેક પરિસ્થિતિમાં રામ બનવાનો પ્રયત્ન કરીએ, તેમજ સમાજ કે યુગ નિર્માણનું કાર્ય આગળ વધે ને સાચા શબ્દમાં રામ રાજ્ય સ્થાપાય એવું કંઈક વિશેષ કર્મ કરીને આ દુનિયામાંથી જવું છે એવો એક સંકલ્પ કરીએ તો મા જગદંબા એ સંકલ્પ પૂરો કરવા અવશ્ય શક્તિ પ્રદાન કરશે.



### અસત્ય પર સત્યનો જય એટલે વિજયાદશમી

# રાવણ દુષ્ટ હતો અને પાપી પણ હતો ત્યાં જ તેનામાં શિષ્ટાચાર અને ઊંચા આદર્શોવાળી મર્યાદા ઓ પણ હતી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

નવલાં નોરતાંની રમઝટ આરાધના ઉપાસના કરી આજે ઉપાસના આરાધના દરમિયાન જે વિકૃતિઓ મલીનતા બહાર આવી હોય તેનું દહન કરી શ્રેષ્ઠ જીવન જીવવા માટે પ્રયત્ન કરીએ. રાવણ લંકાનો રાજા હતો. તે પોતાના દસ માથાંને લીધે પણ ઓળખાતો હતો, જેને લીધે તેનું નામ દશાનનપડ્યું. રાવણમાં અવગુણની અપેક્ષાએ ગુણ અધિક હતા. કદાચ રાવણ ન હોત તો રામાયણની રચના પણ ન થઈ હોત. જોવા જઈએ તો રામકથા માં રાવણ જ એવું પાત્ર છે જે રામનાં ઉજ્જ્વળ ચરિત્રને ઉભારવાનું કામ કરે છે. રાવણ ભગવાન શિવ નો અનન્ય ભક્ત હતો..આજે વિજયા દશમી રાવણ વિશે થોડું જાણવા પ્રયત્ન કરીએ.

પૂર્વકાળમાં બ્રહ્માજીએ અનેક જીવજંતુ બનાવ્યા અને તેમને સમુદ્રના જળની રક્ષા કરવા માટે કહ્યું ત્યારે તે જંતુઓમાંથી અમુક બોલ્યાં કે અમે આનું રક્ષણ (રક્ષા) કેવી રીતે કરીશું અને અમુકોએ કહ્યું કે અમે આનું યક્ષણ (પૂજા) કરીશું.આના પર બ્રહ્માજીએ કહ્યું કે જે રક્ષણ કરશે તે રાક્ષસ કહેવાશે અને જે યક્ષણ કરશે તે યક્ષ કહેવાશે. આ પ્રકારે તે બે જાતિયોંમાં વહેંચાઈ ગયા. રાક્ષસો માં હેતિ અને પ્રહેતિ બે ભાઈ હતાં પ્રહેતિ તપસ્યા કરવા ચાલ્યો ગયો, પરંતુ હેતિએ ભયા સાથે લગ્ન કર્યા જેથી તેને વિદ્યુત્કેશ નામક પુત્ર ઉત્પન્ન થયો. વિદ્યુત્કેશને સુકેશ નામક પરાક્રમી પુત્ર થયો. સુકેશને માલ્યવાન,સુમાલી અને માલી નામક ત્રણ પુત્ર થયા.ત્રણે જણા એ બ્રહ્માજીની તપસ્યા કરી વરદાન પ્રાપ્ત કરી લીધું કે અમારો પ્રેમ અતુટ રહે અને અમને કોઈ પરાજિત ન કરી શકે. વરદાન પામી તેઓ નિર્ભય થઈ ગયાં અને સુરો, અસુરોને સતાવવા માંડ્યાં. તેમણે વિશ્વકર્માને એક અત્યંત સુંદર નગર બનાવવા માટે કહ્યું. તેના પર વિશ્વકર્માએ તેમને લંકા પુરીનું સરનામું બતાવી મોકલી દીધા . ત્યાં તેઓ ખૂબ આનંદ સાથે રહેવા લાગ્યાં માલ્યવાનને વજ્ર મુષ્ટિ, વિરૂપાક્ષ,દુર્મુખ,સુપ્તઘ્ન,યજ્ઞકોપ, મત્ત અને ઉન્મત્ત નામક સાત પુત્ર થયા. સુમાલીને પ્રહસ્ત, અકમ્પન, વિકટ, કાલિકામુખ, ધૂમ્રાક્ષ, દણ્ડ, સુપાર્શ્વ,સંહ્નાદિ,પ્રઘસ અને ભાર કર્ણ નામના દસ પુત્ર થયા.માલી ના અનલ,અનિલ હર અને સમ્પાતી નામના ચાર પુત્ર થયા. તે સૌ બળવાન અને દુષ્ટ પ્રકૃતિ હોવાને કે લીધે ઋષિ-મુનિઓને કષ્ટ આપ્યા કરતા. તેમના કષ્ટોંથી દુઃખી થઈ ઋષિ-મુનિગણ જ્યારે ભગવાન વિષ્ણુના શરણે ગયા ત્યારે તેમણે આશ્વાસન આપ્યું કે હે ઋષિયોં! હું આ દુષ્ટોંનો અવશ્ય નાશ કરીશ.

જ્યારે રાક્ષસોને વિષ્ણુના આ આશ્વાસનની સૂચના મળી તો તે સૌ મંત્રણા કરી સંગઠિત થઈ માલી ના સેનાપતિત્વમાં ઈન્દ્રલોક પર આક્રમણ કરવા માટે ચાલી પડ્યાં. આ સમાચાર સાંભળી ભગવાન વિષ્ણુએ પોતાના અસ્ત્ર-શસ્ત્ર સંભાળ્યા અને રાક્ષસોનો સંહાર કરવા માંડ્યા.સેનાપતિ માલી સહિત ઘણાં રાક્ષસ માર્યા ગયા અને શેષ લંકા તરફ ભાગી ગયાં. જ્યારે ભાગી રહેલા રાક્ષસોનો પણ નારાયણ સંહાર કરતા રહ્યાં તો માલ્યવાન ક્રુદ્ધ થઈ યુદ્ધભૂમિ માં પાછો ફર્યો. ભગવાન વિષ્ણુના હાથે અંતમાં માલ્યવાન શેષ બચેલા રાક્ષસ સુમાલીના નેતૃત્વ માં લંકા ત્યાગી પાતાળમાં જઈ વસ્યો અને લંકા પર કુબેરનું રાજ્ય સ્થાપિત થયું. રાક્ષસોના વિનાશથી દુઃખી થઈ સુમાલીએ પોતાની પુત્રી કૈકસી ને કહ્યું કે પુત્રી રાક્ષસ વંશના કલ્યાણ માટે હું ચાહું છું કે તું પરમ પરાક્રમી મહર્ષિ વિશ્રવા પાસે જઈ તેમની પાસેથી પુત્ર પ્રાપ્ત કર. તે પુત્ર આપણાં રાક્ષસોની દેવતાઓથી રક્ષા કરી શકશે.પિતાની આજ્ઞા મેળવી કૈકસી વિશ્રવા પાસે ગઈ.તે સમયે ભયંકર આંધી ચાલી રહી હતી. આકાશમાં મેઘ ગરજી રહ્યાં હતા.કૈકસીનો અભિપ્રાય જાણી વિશ્રવાએ કહ્યું કે ભદ્રે! તુ આ ક્વેળામાં આવી છે. હું તારી ઈચ્છા તો પૂરી કરી દઈશ પરંતુ આનાથી તારી સંતાન દુષ્ટ સ્વભાવવાળી અને ક્રૂરકર્મા થશે. મુનિની વાત સાંભળી કૈકસી તેમના ચરણોંમાં પડી અને બોલી કે ભગવન્ આપ બ્રહ્મવાદી મહાત્મા છો. તમારી પાસેથી હું આવા દુરા ચારી સંતાન પામવાની આશા નથી કરતી. અતઃ તમે મારા પર કૃપા કરો કૈકસીના વચન સાંભળી મુનિ વિશ્રવાએ કહ્યું કે ભલે,તો તારો સૌથી નાનો પુત્ર સદાચારી અને ધર્માત્મા થશે. આ પ્રકારે કૈકસીએ દસમુખવાળા પુત્રને જન્મ આપ્યો જેનું નામ દશગ્રીવ(રાવણ) રાખવા માં આવ્યું. તે પશ્ચાત્ કુમ્ભકર્ણ, શૂર્પણખા અને વિભીષણનો જન્મ થયો. દશગ્રીવ અને કુમ્ભકર્ણ અત્યંત દુષ્ટ થતા,પરંતુ વિભીષણ ધર્માત્મા પ્રકૃતિનો હતો.પોતાના ભાઈ વૈશ્રવથી પણ અધિક પરાક્રમી અને શકતિશાળી બનવા માટે દશગ્રીવે પોતાના ભાઈઓ સહિત બ્રહ્માજીની તપસ્યા કરી. બ્રહ્માના પ્રસન્ન થવા પર દશગ્રીવે માંગ્યું કે હું ગરુડ,નાગ,યક્ષ, દૈત્ય, દાનવ, રાક્ષસ તથા દેવતાઓં માટે અવધ્ય થઈ જાઉ. બ્રહ્માજી એ ‘તથાસ્તુ’ કહી તેની ઈચ્છા પૂરી કરી.વિભીષણને ધર્મમાં અવિચલ મતિનું અને કુંભકર્ણને વર્ષો સુધી સુતા રહેવાનું વરદાન મળ્યું. રાવણમાં ગમે તેટલું રાક્ષસત્વ કેમ ન હોય, તેના ગુણોને અવગણી ન શકાય.રાવણ એક અતિ બુદ્ધિમાન બ્રાહ્મણ તથા શંકર ભગવાન નો ખૂબ મોટો ભક્ત હતો. તે મહા તેજસ્વી, પ્રતાપી, પરાક્રમી, રૂપવાન તથા વિદ્વાન હતો.વાલ્મીકિ તેના ગુણોને નિષ્પક્ષતા સાથે સ્વીકાર કરતા તેને ચારે વેદોનો વિશ્વવિખ્યાત જ્ઞાતા અને મહાન વિદ્વાન બતાવે છે.તે પોતાના રામાયણમાં હનુમાનના રાવણના દરબારમાં પ્રવેશ સમયે લખે છેઃ અહો રૂપમહો ધૈર્ય મહોત્સવમહો દ્યુતિઃઅહો રાક્ષસ રાજસ્ય સર્વલક્ષણયુક્તતા આગળ તેઓ લખે છે “રાવણને જોતાં જ રામ મુગ્ધ થઈ જાય છે અને કહે છે કે રૂપ, સૌન્દર્ય, ધૈર્ય, કાન્તિ તથા સર્વલક્ષણયુક્ત હોવા છતાં પણ આ રાવણમાં અધર્મ બળવાન ન હોત તો આ દેવલોકનો પણ સ્વામી બની જાત”જ્યાં રાવણ દુષ્ટ હતો અને પાપી હતો ત્યાં જ તેનામાં શિષ્ટાચાર અને ઊઁચા આદર્શોવાળી મર્યાદા ઓ પણ હતી. રામના વિયોગમાં દુઃખી સીતાને રાવણે કહ્યું , “હે સીતે! જો તુ મારા પ્રતિ કામભાવ નથી રાખતી તો હું તને સ્પર્શ ન કરી શકું” શાસ્ત્રો અનુસાર વન્ધ્યા, રજસ્વલા, અકામા, આદિ સ્ત્રીઓને સ્પર્શ કરવાનો નિષેધ છે. અતઃ પોતાના પ્રતિ અકામા સીતા ને સ્પર્શ ન કરી રાવણ મર્યાદાઓનું જ આચરણ કરતો હતો.

વાલ્મીકિ રામાયણ અને રામચરિત માનસ બને ગ્રંથોમાં રાવણને ખૂબ મહત્ત્વ આપ વામાં આવ્યું છે. રાક્ષસી માતા અને ઋષિ પિ તાનું સંતાન હોવાથી સદૈવ બે પરસ્પર વિરોધી તત્વ રાવણના અન્તઃકરણ ને વલોવતા રહેતાં. વાલ્મીકિ, રાવણના અધર્મી હોવાને તેનો મુખ્ય અવગુણ ગણે છે. તેમનાં રામાયણમાં રાવણનો વધ થવા પર મંદોદરી વિલાપ કરતાં કહે છે, “અનેક યજ્ઞોનો વિલોપ કરવા વાળા,ધર્મ વ્યવસ્થા ઓને તોડનારા, દેવ-અસુર અને મનુષ્યોની કન્યાઓનું જ્યાંત્યાંથી હરણ કરવા વાળા,આજે તું પોતાના આ જ પાપ કર્મો ને લીધે જ વધને પ્રાપ્ત થયો છે.”

તુલસીદાસ માત્ર તેના અહંકારને જ તેનો મુખ્ય અવગુણ બતાવે છે. તેમણે રાવણને બહારથી રામ સાથે શત્રુભાવ રાખવા છતાં હૃદયથી તેમનો ભક્ત બતાવ્યો છે. તુલસીદાસ અનુસાર રાવણ વિચારે છે કે જો સ્વયં ભગવાને અવતાર લીધો છે તો હું જઈને તેમનાથી હઠપૂર્વક વેર કરીશ અને પ્રભુના બાણોના આઘાતથી પ્રાણ છોડી ભવબંધનથી મુક્ત થઈ જઈશ. રાવણ મહિષાસુરનો નાશ થયાની ખુશાલીમાં ઉજવાતું પર્વ એટલે વિજયા દશમી.. આપ સૌ પણ આપણા હૃદય મનમાં કોઈ જાતની વિકૃતિ મલીનતા ઘુસી ગઈ હોય તો તેને બહાર કાઢી દહન કરી સ્વચ્છ બનીએ.



# ફોટોશૂટમાં જોવા મળ્યો અભિનેત્રી અંકિતા દવેનો બોલ્ડ અવતાર



। મુંબઈ, તા.૨૩ ।

Tik Tok એપે ઘણા લોકોનું નસીબ બદલી નાખ્યું છે. અવનીત કૌર, જન્નત ઝુબેર, ફૈઝલ શેખ એવા કેટલાક નામ છે જેઓ ટિકટોક સુપરસ્ટાર છે. આ લોકોએ નાની ઉંમરમાં એવું નામ બનાવ્યું છે કે જે મેળવવાનું લગભગ દરેક યુવકનું સપનું હશે. આ નામોની સાથે એક બીજું નામ પણ છે. Tiktok પર ખૂબ જ પ્રખ્યાત છે. એ નામ છે અંકિતા દવે. કિતા દવેના Tiktok પર લગભગ ૯ લાખથી વધુ ફોલોઅર્સ હતા. અંકિતાના વિડીયો ખુબ વાયરલ થયા છે. અંકિતા ઈન્સ્ટાગ્રામ પર પણ ઘણી એક્ટિવ છે. તે દરરોજ તેના ફેન્સ સાથે તેના બોલ્ડ ફોટા શેર કરતી રહે છે. અંકિતા ઈન્સ્ટાગ્રામ પર પણ ઘણી એક્ટિવ છે, તે દરરોજ તેના ફેન્સ સાથે તેના બોલ્ડ ફોટા શેર કરતી રહે છે. ઈન્સ્ટાગ્રામ પર અભિનેત્રીના ૪.૪ મિલિયન ફોલોઅર્સ છે અંકિતા દવે સોશિયલ મીડિયા પર દરરોજ ફોટા અને વીડિયો શેર કરીને લોકપ્રિયતા મેળવી રહી છે. તેના સોશિયલ મીડિયા ફોલોઅર્સ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. અંકિતાએ હિન્દી વેબસિરીઝ ZID (૨૦૨૦) થી અભિનયની શરૂઆત કરી હતી. હાલમાં અંકિતા મોડલિંગ અને એક્ટિંગ કરી રહી છે. તેનો રિશ્તા હો ઐસા નામનો એક મ્યુઝિક વીડિયો પણ સામે આવ્યો હતો. અંકિતા દવે સોશિયલ મીડિયા પર દરરોજ ફોટા અને વીડિયો શેર કરીને લોકપ્રિયતા મેળવી હી છે. તેના સોશિયલ મીડિયા ફોલોઅર્સ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. અંકિતા દવે સોશિયલ મીડિયા પર દરરોજ ફોટા અને વીડિયો શેર કરીને લોકપ્રિયતા મેળવી હી છે. તેના સોશિયલ મીડિયા ફોલોઅર્સ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. અંકિતા ઈન્સ્ટાગ્રામ પર પણ ઘણી એક્ટિવ છે. ઈન્સ્ટાગ્રામ પર અભિનેત્રીના ૪.૮ મિલિયન ફોલોઅર્સ છે.

# KGF ૨ ફેમ યશ રાવણના રોલ માટે ૧૫૦ કરોડ રૂપિયાની જોરદાર ફી વસૂલી રહ્યો છે

। મુંબઈ, તા.૨૩ ।

રણબીર કપૂર હાલમાં તેની ફિલ્મ એનિમલનું ટીઝર રિલીઝ થયા બાદ હેડલાઈન્સમાં છે. એવું લાગે છે કે અભિનેતા ખૂબ જ ઉત્સાહિત છે કારણ કે તે એનીમલની રિલીઝ પછી ટૂંક સમયમાં તેની આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. જે નિતેશ તિવારીની રામાયણ છે. સાઈ પલ્લવી અને યશ પણ તેની સાથે હશે. જ્યાં ચાહકો આ ત્રણેયને સાથે જોવાની રાહ જોઈ રહ્યા છે. તો બીજી તરફ સ્ટાર કાસ્ટની ફી વિશે જાણવા પણ તેઓ ઉત્સાહિત છે. એક રિપોર્ટ સામે આવ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે KGF ૨ ફેમ યશ આ ફિલ્મ માટે ૧૫૦ કરોડ રૂપિયાની જોરદાર ફી વસૂલી રહ્યો છે.

રિપોર્ટ અનુસાર, યશ રામાયણનો ભાગ બનવા આતુર છે, કારણ કે તે આ ફિલ્મ સાથે બોલિવૂડમાં પ્રવેશવા માંગે છે, 'તે જાણે છે કે તેની પાસે KGFનો ત્રીજો પાર્ટ પણ છે. તમને જણાવી દઈએ કે કેજીએફને ફેન્સ તરફથી ખુબ પ્રેમ મળ્યો છે. તમને જણાવી દઈએ કે રામાયણમાં રાવણનું પાત્ર ભજવવા માટે યશ લગભગ ૧૦૦ કરોડથી ૧૫૦ કરોડ રૂપિયા ચાર્જ કરી રહ્યો છે, જેમાં ૧૦૦ કરોડ રૂપિયા ન્યૂનતમ છે અને ફી એ નિર્ભર કરે છે કે તેણે કેટલા દિવસોનું શૂટિંગ કરવાનું છે અને શેડ્યૂલ કેટલો સમય આપવાનો છે. રિપોર્ટ્સ અનુસાર, રામાયણમાં યશનો KGFના લૂકની સરખામણીમાં અલગ જ લુક જોવા મળશે. તેમનો દેખાવ કેવો હશે તેની ચર્ચા શરૂ કરી દીધી છે.

તેણે પોતાના લુકમાં ફેરફાર કરવા માટે કામ શરુ કરી દીધુ છે. તમને જણાવી દઈએ કે ફિલ્મ રામાયણમાં રણબીર કપૂર રામનો રોલ કરશે અને સાઈ પલ્લવી સીતાની ભૂમિકા ભજવશે. યશ રાવણનું પાત્ર ભજવશે. ત્રણેય કલાકારોએ ફિલ્મ માટે પોતાનો લુક ટેસ્ટ પૂર્ણ કરી લીધો છે. KGF સ્ટાર યશ રામાયણનો ભાગ બનવા આતુર છે, કારણ કે તે આ ફિલ્મ સાથે બોલિવૂડમાં પ્રવેશવા માંગે છે. સૂત્રોનું કહેવું છે કે રામાયણમાં યશ KGFથી બિલકુલ અલગ લુકમાં જોવા મળશે. તેણે આ મામલે ટીમ સાથે ચર્ચા શરૂ કરી દીધી છે.



# અભિનેત્રી શ્રીનિધિએ સાડીમાં આપ્યા ગોર્જિયસ પોઝ

। મુંબઈ, તા.૨૩ ।

શ્રીનિધિએ સાઉથના સુપરસ્ટાર સાથે ડેબ્યૂ કર્યું અને એવું શાનદાર કામ કર્યું કે દરેક વ્યક્તિ તેના દિવાના થઈ ગયા. પોતાની ડેબ્યુ ફિલ્મ કરતા પહેલા તેણે ૭ ફિલ્મોની ઓફર ફગાવી દીધી હતી. આ સુંદર અભિનેત્રીનો જન્મ ૨૧ ઓક્ટોબર ૧૯૯૨ના રોજ મેંગ્લોરમાં થયો હતો. અભ્યાસમાં હોશિયાર શ્રીનિધિએ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે અને સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કર્યું હતું. આ પછી, તેણીએ તેની પેશનને ફોલો કરવા માટે મોડેલિંગની દુનિયામાં પ્રવેશ કર્યો.



# ફ્લોરલ પ્રિન્ટેડ ગાઉનમાં તમન્નાનો ક્લાસી અંદાજ

। મુંબઈ, તા.૨૩ ।

સાઉથથી લઈને બોલિવૂડ સુધી પોતાની સુંદરતા અને અભિનયથી હજારો દિલોને ઘાયલ કરનાર તમન્ના ભાટિયા ફરી એકવાર પોતાના લુક્સને કારણે ચર્ચામાં છે. આ લેટેસ્ટ તસવીરોમાં તમન્ના ભાટિયાનો હોટ લુક જોવા જેવો છે. ફેન્સે કહ્યું, તાજા ફૂલોથી ભરેલો બગીચો લાગે છે અભિનેત્રી, ફોટામાં, તમન્ના ભાટિયા તેના કિલર લુકથી તેના ચાહકોના દિલને ઘાયલ કરતી જોવા મળી. આ તસવીરોમાં તમન્ના ભાટિયા ફ્લોર સ્વીપિંગ ડીપ નેક ગાઉનમાં આકર્ષક પોઝ આપતી જોવા મળે છે. તમન્નાને કારનો ખૂબ શોખ છે, તેમની પાસે લેન્ડ રોવર ડિસ્કવરી, BMW 5 સિરીઝ અને મર્સિડીઝ બેન્ઝ જેવી લક્ઝરી કાર છે. તમન્ના ભાટિયા સાઉથની જાણીતી અભિનેત્રી છે. તમન્નાએ બોલિવૂડ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેણે તેલુગુ, તમિલ અને હિન્દી સિનેમાની ૬૫ ફિલ્મોમાં કામ કર્યું છે. તમન્નાનું નામ સાઉથની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાં પણ સામેલ છે. બાહુબલીમાં દેખાયા બાદ તમન્નાએ તેની ફી પણ વધારી દીધી છે. તમન્નાને કારનો ખૂબ શોખ છે. તેમની પાસે 'લેન્ડ રોવર ડિસ્કવરી', 'BMW 5 સિરીઝ' અને 'મર્સિડીઝ બેન્ઝ' જેવી લક્ઝરી કાર છે. આ કારોની કિંમત કરોડોમાં છે. આ તસવીરોમાં તમન્ના ભાટિયા ફ્લોર સ્વીપિંગ ડીપ નેક ગાઉનમાં આકર્ષક પોઝ આપતી જોવા મળે છે.



# પરિણીતી ચોપરા પહેલા રાની મુખર્જીની પીએ હતી

। મુંબઈ, તા.૨૩ ।

હિરોઈન પરિણીતી ચોપરાએ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ રાજસ્થાનના ઉદયપુરમાં આમ આદમી પાર્ટીના યુવા નેતા રાઘવ ચઢ્ઢા સાથે શાહી રીતે લગ્ન કર્યા હતા. પરિણીતી અને રાઘવે ઉદયપુરની 'ધ લીલા પેલેસ હોટેલ'માં લગ્નના બંધનમાં બંધાયા હતા. કાયમ માટે એકબીજાના બની ગયા. જોકે લગ્ન પછી ન તો રિસેપ્શન થયું કે ન તો તેઓ હનીમૂન પર જઈ શક્યા. તેની પાછળનું કારણ બંનેએ પોત-પોતાનું કામ હોવાનું જણાવ્યું હતું. તમને જણાવી દઈએ કે પરિણીતી ચોપરા તેના પતિ રાઘવ ચઢ્ઢા વગર તેની ગર્લ્સ ગેંગ સાથે માલદીવ પહોંચી હતી. જ્યાં તેણે ખૂબ જ મોજ મસ્તી કરી હતી. જો કે આ સમયે પરિણીતી ચોપરા અને તેના પતિ રાઘવ ચઢ્ઢા ચર્ચામાં છે. આજે પરિણીતી ચોપરા તેનો ૩૫મો જન્મદિવસ ઉજવી રહી છે. પરિણીતી ચોપરાનો અભ્યાસ હંમેશા સારો રહ્યો છે. પરિણીતીએ માન્ચેસ્ટર બિઝનેસ સ્કૂલમાંથી ફાયનાન્સ, બિઝનેસ અને ઈકોનોમિક્સમાં અભ્યાસ કર્યો છે. તમને જણાવી દઈએ કે પરિણીતી ચોપરાને રાષ્ટ્રપતિ તરફથી સન્માન મળ્યું છે. તેણે ૧૨માં ધોરણમાં ટોપ કર્યું હતું, જેના કારણે તત્કાલિન રાષ્ટ્રપતિએ પરિણીતીનું સન્માન કર્યું હતું. એક્ટ્રેસ બનતા પહેલા પરિણીતી ચોપરા વિદેશમાં બેંકિંગ સેક્ટરમાં કામ કરતી હતી. થોડા સમય પછી તેણે નોકરી છોડી દીધી અને પછી તેણે એક્ટિંગ કરવાનું નક્કી કર્યું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર જ્યારે પરિણીતી ચોપરા ૨૦૦૯માં બેંકિંગની નોકરી ગુમાવ્યા બાદ ભારત પરત આવી ત્યારે તેને બોલિવૂડના પ્રખ્યાત યશરાજ બેનરમાં કામ કરવાની તક મળી. યશ રાજ બેનર માટે કામ કરવાની સાથે પરિણીતી ચોપરા બોલિવૂડ અભિનેત્રી રાની મુખર્જીની PA એટલે કે પર્સનલ આસિસ્ટન્ટ પણ રહી ચૂકી છે.



# મલાઈકા કરોડોની માલિક, તેની પાસે છે આલીશાન ઘર

। મુંબઈ, તા.૨૩ ।

બોલિવૂડની એકદમ હોટ અભિનેત્રી અને અર્જુન કપૂરની ગર્લફ્રેન્ડ મલાઈકા અરોરા આજે પોતાનો ૫૦મો જન્મદિવસ ઉજવી રહી છે. તેનો જન્મ ૨૩ ઓક્ટોબર ૧૯૭૩ના રોજ થયો હતો. મલાઈકા તેની ફેશન અને ફિટનેસ માટે હંમેશા લાઈમલાઈટમાં રહે છે. તેની ફિટનેસની સાથે-સાથે તે હંમેશા ફેશન સેન્સ માટે પણ જાણીતી છે. દરેક વ્યક્તિ એક્ટ્રેસની સુંદરતાના દિવાના છે, પરંતુ આજે તેના જન્મદિવસ પર અમે તેની કમાણી અને નેટવર્થ વિશે વાત કરીશું. તેના આલીશાન ઘરથી લઈને તેના લક્ઝરી કાર કલેક્શન સુધી આજે અમે તમને જણાવીશું. અભિનેત્રી ગીત અથવા કોઈપણ પ્રોજેક્ટ માટે કેવી રીતે પૈસા કમાય છે. તે વધારેમાં વધારે કેટલી ફી લે છે અને આઈટમ ક્વીનની નેટવર્થ કેટલી છે.

હોટ અભિનેત્રી અને અર્જુન કપૂરની ગર્લફ્રેન્ડ મલાઈકા અરોરા આજે પોતાનો ૫૦મો જન્મદિવસ ઉજવી રહી છે. મલાઈકા અરોરાએ ઘણી ફિલ્મોમાં સુપરથી પણ ઉપર આઈટમ સોંગ્સ આપ્યા છે. જેના કારણે તે ફિલ્મો સુપરહિટ સાબિત થઈ છે. જ્યારે તે ઘણા ટીવીના રિયાલિટી શોમાં જજ પણ રહી ચૂકી છે. આમાંથી મલાઈકા ઘણી કમાણી કરે છે. મલાઈકા દરેક શોના એક એપિસોડ માટે ૫ લાખ રૂપિયા સુધીની ફી વસૂલ કરે છે. આ સાથે મલાઈકા ઘણી બ્રાન્ડ્સની જાહેરાતો કરીને પણ ઘણી કમાણી કરે છે અને બ્રાન્ડ એમ્બેસેડર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મલાઈકા અરોરાની કુલ નેટવર્થ લગભગ ૮૦ કરોડ રૂપિયા છે. મલાઈકાનું પોતાનું ખૂબ જ ઘર ખૂબ જ મોટું છે. મલાઈકાના ઘરમાંથી અરબી સમુદ્રનો મનમોહક નજારો જોવા મળે છે. મલાઈકા અરોરાના ઘરની કિંમત લગભગ ૨૦ કરોડ રૂપિયા છે. તેના ઘરમાં તેની પસંદગી અને આરામની દરેક વસ્તુ હાજર રહેલી છે. સલમાન ખાનના ભાઈ અરબાઝ ખાન સાથે છૂટાછેડા બાદ મલાઈકા તેના પુત્ર સાથે આ ઘરમાં રહે છે. મલાઈકા અરોરાના ઘરની કિંમત લગભગ ૨૦ કરોડ રૂપિયા છે. તેના ઘરમાં તેની પસંદગી અને આરામની દરેક વસ્તુ હાજર રહેલી છે.



# પંડાલમાં સ્ટેજ પર કાજોલનો પગ લપસ્યો, પડતાં-પડતાં બચી હતી

। મુંબઈ, તા.૨૩ ।

નોરતાનો તહેવાર દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. ભક્તોને માતા પર ઊંડી શ્રદ્ધા હોય છે અને આ નવ દિવસો સુધી ભક્તો દેવી દુર્ગાની ભક્તિમાં ખોવાયેલા રહે છે. દર વર્ષે બોલિવૂડ અભિનેત્રી કાજોલ પણ દુર્ગા પૂજાનો તહેવાર ખૂબ જ ધામધૂમથી સેલિબ્રેટ કરે છે. તેના વીડિયો પણ ખૂબ વાયરલ થયા છે જેમાં કાજોલ તેના પરિવાર સાથે માતાની પૂજા કરતી જોવા મળે છે. આ વખતે પણ કાજોલનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે પિંક સાડીમાં જોવા મળી રહી છે. પરંતુ આ દરમિયાન એક વીડિયો વાયરલ થયો છે જેમાં કાજોલનો પગ સ્લીપ થાય છે અને પડતા-પડતાં બચી જાય છે. સોશિયલ મીડિયા પર કાજોલનો દૂર્ગા પૂજાનો એક નવો વીડિયો સામે આવ્યો છે. જેમાં કાજોલ દુર્ગા પૂજા પંડાલમાં જોવા મળી રહી છે. તેણે ગુલાબી રંગની સાડી પહેરી છે અને ફોન પર કંઈક જોઈને આગળ વધી રહી છે. કાજોલનું ધ્યાન સંપૂર્ણ રીતે ફોન તરફ છે. સ્ટેજ પૂરુ થઈ ગયું તે તેને ખબર જ ના પડી અને તેનો પગ સ્ટેજ પરથી લપસી ગયો. સ્ટેજની નીચે ઘણા લોકો હોવાથી તેમાંથી કેટલાકે તેને આધાર આપ્યો હતો. અભિનેત્રી પડતાં-પડતાં બચી જાય છે અને તેનો ફોન પડી જાય છે. નોરતા દરમિયાન કાજોલ અને રાની મુખર્જીએ દુર્ગા પૂજાના પંડાલમાં માતાની પૂજા કરી હતી. હવે ત્રીજી બંગાળી અભિનેત્રી સુષ્મિતા સેન પણ તેના પરિવાર સાથે દુર્ગા પૂજા પંડાલમાં જોવા મળી હતી. તેણે માત્ર પૂજા જ નથી કરી પરંતુ પુત્રી રેનેની સાથે ધુનુચી ડાન્સ પણ કર્યો હતો. માતા અને પુત્રીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.





# ડંકી અને સાલાર વચ્ચે નહીં થાય કોઈ પણ પ્રકારની ટક્કર, Dunkiનું પોસ્ટર રિલીઝ



। મુંબઈ, તા.૨૩ ।

પઠાન અને જવાનમાં ધૂમ મચાવ્યા બાદ શાહરૂખ ખાન હવે તેની બહુપ્રતિક્ષિત ફિલ્મ ડંકીને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મને લઈને ચાહકોમાં ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે. હવે ફિલ્મની રિલીઝ ડેટની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પ્રખ્યાત ક્રિટિક સુમિત કડેલે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી છે. તેણે ફિલ્મનું પહેલું પોસ્ટર શેર કરીને આ જાહેરાત કરી છે. આ ફિલ્મ આ વર્ષે ૨૧ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ સાથે જ ફિલ્મનું પહેલું પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું છે, જેમાં શાહરૂખ ખાન એક સૈનિકની ભૂમિકામાં જોવા મળી રહ્યો છે. પોસ્ટની ઉપર લખવામાં આવ્યું છે કે 'એક સૈનિક ક્યારેય પોતાનું વચન ભૂલતો નથી..' હવે શાહરૂખની 'ડંકી' પ્રભાસની ફિલ્મ 'સાલાર' સાથે ટકરાશે નહીં. તમને જણાવી દઈએ કે શાહરૂખ ખાનની ડંકી તેની ફિલ્મો 'જવાન' અને 'પઠાન'થી બિલકુલ અલગ બનવા જઈ રહી છે. ડંકી ફિલ્મમાં કિંગ ખાનનો એક્શન અવતાર જોવા નહીં મળે, પરંતુ દર્શકોને કંઈક એવું બતાવવામાં આવશે જે અગાઉ કોઈ ફિલ્મમાં જોવા મળ્યું ન હતું. ફિલ્મ વિશે વાત કરીએ તો શાહરૂખ ખાન ઉપરાંત અભિનેત્રી તાપસી પન્નુ, દિયા મિર્ઝા, બોમન ઈરાની પણ ડંકમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. એવા અહેવાલ છે કે વિકી કૌશલ આ ફિલ્મમાં કેમિયો કરતો જોવા મળશે. રાજકુમાર હિરાણી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન અને જ્યોતિ દેશપાંડે દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. આ ફિલ્મનું નિર્માણ યશ રાજ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું છે. તો બીજી તરફ બોલીવૂડ અભિનેત્તા શાહરુખ ખાનની ફિલ્મ જવાન બોક્સ ઓફિસ પર કમાલ કરી રહી છે. શાહરુખ ખાનની ફિલ્મ જવાને બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ પોતાના નામે કર્યા છે. શાહરૂખ ખાનની 'જવાન' દુનિયાભરમાં લોકપ્રિય છે. બોક્સ ઓફિસ પર ફિલ્મની કમાણી અટકવાનું નામ નથી.



# શ્રી શ્રધ્ધા વિદ્યાલયમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલી કાર્યરત છે જેમાં ધોરણ ૧ થી ૮ સુધી ધોરણ કાર્યરત છે. આ શાળામાં પાયાના શૈક્ષણિક કાર્યની સાથે સાથે સંસ્કારનું ઘડતર કરવામાં આવે છે.

આજરોજ શાળાના પટાંગણમાં નવરાત્રી પર્વને અનુલક્ષીને શાળામાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લીધો અને ખૂબ જ આનંદપૂર્વક ગરબા રમ્યા હતા. શાળાના આચાર્ય શ્રી દિલીપ કુમાર એચ. મકવાણાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા . શાળાના સ્ટાફ સંગાડા અશ્વિનભાઈ સી, પલાસ નિકિતાબેન કે, ડામોર કિંજલબેન જે,



તેમજ અન્ય સ્ટાફગણ દ્વારા ગરબાની મજા લીધી હતી. આમ ખૂબ જ ધામધૂમ પૂર્વક શ્રી શ્રધ્ધા વિદ્યાલયમાં આસ્થાભેર નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી.

# કપડવંજ તાલુકા કક્ષાના બાળ વિજ્ઞાન મેળામાં નવાબોભા પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકો ઝળક્યા



। નડિયાદ, તા.૨૩ ।

તોરણા પ્રાથમિક શાળામાં કપડવંજ તાલુકા કક્ષાનો ૨૪ મો બાળ વિજ્ઞાન મેળો યોજાયો હતો. આ મેળામાં ત વિભાગ-પમાં નવાબોભા પ્રાથમિક શાળાના પરમાર દક્ષાબેન લાલસિંહ, ચૌહાણ વિલાસબેન પ્રતાપસિંહ અને વિભાગ -૨માં શાળાના બાળ વૈજ્ઞાનિક ચૌહાણ ધનરાજ, ચૌહાણ નવનીત, ચૌહાણ હર્ષદભાઈ, ચૌહાણ રોહિતભાઈએ શાળાના શિક્ષકશ્રી ધવલભાઈ બારોટના માર્ગદર્શક હેઠળ ભાગ લીધો હતો. જેમાં વિભાગ-૨ માં નવાબોભા પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકોએ પ્રથમ નંબર મેળવી વિજેતા બન્યા હતા.

નવાબોભા પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકોએ વિભાગ-૨માં પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી વિષયક સ્માર્ટ ડસ્ટબીન મોડલ રજૂ કર્યું હતું. જેમાં તેઓ તાલુકા-કક્ષાના બાળ વિજ્ઞાન મેળામાં પ્રથમ ક્રમે રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી તથા શાળા પરિવારેવિજેતાઓનેઅભિનંદન પાઠવ્યા હતા.

# નવસારી અને વલસાડ જિલ્લાના પીવાના પાણીની સમીક્ષા બેઠક મળી

# જનપ્રતિનિધિઓના પ્રશ્નોના હકારાત્મક નિરાકરણ લાવવાની ખાત્રી આપતા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

## પીવાના પાણીના પ્રશ્નોનુ નિરાકરણ લાવવા જનપ્રતિનિધિઓ અને અધિકારીઓએ કર્યો વિચાર વિમર્શ



। નવસારી, તા.૨૩ ।

નવસારી અને વલસાડ જિલ્લાના પીવાના પાણીની સમસ્યાઓ અંગે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જનપ્રતિનિધિઓ અને સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મંત્રીશ્રીએ જનપ્રતિનિધિઓના પ્રશ્નોને ધ્યાનથી સાંભળી સંબંધિત અધિકારીઓને પ્રશ્નો સંદર્ભે ત્વરિત તપાસ કરી હકારાત્મક નિરાકરણ લાવવા અધિકારીઓને સૂચના આપી હતી. સાથે જ તેમણે પીવાના પાણીના સ્થાનિક પ્રશ્નો સંદર્ભે ગામના અગ્રણીઓ-જનપ્રતિનિધિઓના અનુભવનો લાભ મેળવી અને તેમની સાથે સંકલન સાધીને પ્રશ્નોનું નિરાકરણ લાવવા ઉપર ભાર મૂક્યો હતો. સાથે જ લાબાંગાળાની વિચારણા કરી અને પ્રાથમિકતાના ધોરણે આયોજન ઘડવા અધિકારીઓને જણાવ્યું હતું. જેથી પીવાના પાણીનો કાયમી ઉકેલ આવી શકે. જલાલપોરના ધારાસભ્ય શ્રી આર.સી.પટેલે તાલુકાના દરિયા કાંઠાવિસ્તારમાં પીવાનું પાણી પહોંચાડવાનો પ્રશ્ન રજૂ કર્યો હતો અને જૂની ટાંકીને જગ્યાએ પાણીને સંગ્રહ કરવા માટે ફોર્સ થી પાણી પુરવઠા મોકલવાય તેવી માગ રજૂ કરી હતી. જેનો મંત્રીએ હકારાત્મક નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ એ વાસ્મો યોજના બની ગઈ પરંતુ તેને કાર્યરત કરવામા આવી નથી તેવો પ્રશ્ન રજૂ કરતા તેના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ સંબંધિત અધિકારીને ત્વરિત સ્થળ તપાસ કરવા સૂચના આપી હતી.

ધારાસભ્ય શ્રી આર.સી.પટેલે જલાલ પોર તાલુકામાં જૂથ યોજનામાં કેટલાંક ગામોને પાણી નહિં મળતા હોવાની અને લોકોને હાલાકીનો સામનો કરવો પડતો હોવાના પ્રશ્ન રજૂ કરતા સંબંધિત અધિકારીઓને જાત તપાસ કરી ત્વરિત હકારાત્મક ઉકેલ લાવવા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સૂચના આપી હતી.

બેઠક દરમિયાન નવસારી અને વલસાડ જિલ્લાની પીવાના પાણીની યોજના, પ્રગતિ હેઠળની જૂથ પાણી પુરવઠા યોજના, આયોજન હેઠળની જૂથ પાણી પુરવઠા યોજના, પ્રગતિ હેઠળની યોજનાઓમાં જમીન ફાળવણીના પ્રશ્નો સહિતના વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં દક્ષિણ ગુજરાત ઝોનના મુખ્ય ઈજનેર શ્રી તેજસ પરમાર, તેમજ વલસાડ અને નવસારી જિલ્લાના કાર્યપાલક ઈજનેર અને વાસ્મોના અધિકારીઓ હાજર રહ્યા હતાં.

# સ્વચ્છ ભારત મિશન શહેરી અંતર્ગત વલસાડ જિલ્લાની પાંચ પાલિકા દ્વારા પાણીના સ્ત્રોતની સફાઈ કરાઈ

## વલસાડમાં કલ્યાણ બાગ ટાંકી, અબ્રામા વોટર વર્ક્સ, પારડીમાં ફિલ્ટર પ્લાન્ટ અને વાપીમાં સુએજ પ્લાન્ટ સ્વચ્છ કરાયા




। વલસાડ, તા.૨૩ ।

સ્વચ્છતા અભિયાન માત્ર એક કે બે દિવસ નહીં પરંતુ લોકોમાં સ્વચ્છતા અંગે સ્વયં શિસ્ત આવે અને સ્વચ્છતા જીવનનો એક મહત્વ પૂર્ણ ભાગ બને તેવા શુભ આશય સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા "સ્વચ્છતા હી સેવા (SHS)" અભિયાન તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ સુધી લંબાવવામાં આવ્યું છે. ત્યારે સ્વચ્છ ભારત મિશન- શહેરી અંતર્ગત તા. ૨૧ ડિસેમ્બરના રોજ વલસાડ નગરપાલિકા દ્વારા તિથલ બીચ દરિયા કિનારે સફાઈ કરવામાં આવી હતી. આ સિવાય પીવાના પાણીના સ્ત્રોત્ર તરીકે કલ્યાણ બાગ પાણીની ટાંકી અને અબ્રામા વોટર વર્કસમાં સફાઈ કરવામાં આવી હતી. ઉમરગામ નગરપાલિકા દ્વારા ઉમરગામ બીચની સફાઈ, ધરમપુર નગર પાલિકા દ્વારા નદી કિનારાની સફાઈ કરવામાં આવી હતી. પારડી નગરપાલિકા દ્વારા પારડીની સદગુરૂ સોસાયટી નજીક ફિલ્ટર પ્લાન્ટની સફાઈ કરવામાં આવી હતી. આ સિવાય અન્ય વિસ્તારોમાં પણ ૨૩ કામદારો અને ૧૫ નાગરિકોની મદદથી સફાઈ અભિયાન હાથ ધરાતા કુલ ૬.૮ ટન વેસ્ટનો નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે વાપી નગર પાલિકા દ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૧૪ MLDની સફાઈ કરવામાં આવી હતી. વિવિધ પાલિકા દ્વારા પાણીના સ્ત્રોતની સફાઈ કરાતા નગરજનોએ પણ પાલિકાની આ કામગીરીને બિરદાવી હતી.જ

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વડોદરાના વિવિધ ગરબાઓની મુલાકાત લીધી



। દાહોદ, તા.૨૩ ।

ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ વડોદરા શહેરના વિવિધ ગરબા સ્થળોની મુલાકાત લઈને ખૈલૈયાઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર દેશભરમાં પ્રસિદ્ધ એવા ગરબાઓની મુલાકાત લઈ તેમણે વડોદરાવાસીઓના પરંપરાપ્રેમને પણ બિરદાવ્યો હતો. શનિવારે મોડી રાતે વડોદરા આવેલા શ્રી સંઘવીએ પ્રથમ પ્રતાપનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આયોજિત ગરબાની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ કલાલી ખાતે યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડ ઉપર પહોંચ્યા હતા. અહીં એક સાથે હજારોની સંખ્યામાં હિલોળે ચઢેલા યુવાધનને જોઈને તેઓ પ્રસન્ન થઈ ઉઠ્યા હતા. પરંપરાગત ગરબા ગીતોના ગાયન સાથે વિવિધ પ્રકારની ચાલપદ્ધતિથી ગરબા રમતા જોઈને તેમણે પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

એ જ પ્રકારે તેમણે નવલખી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વડોદરા નવરાત્રી ફેસ્ટીવલના ગરબા મહોત્સવની પણ મુલાકાત લીધી હતી અને ખેલૈયાના ઉત્સાહમાં વધારો કર્યો હતો. વડોદરાના રાજવી પરિવાર દ્વારા લક્ષ્મી વિલાસ પેલેસમાં ગરબા મહોત્સવનું આયોજન થાય છે.

# સાંસદ પ્રભુભાઈ વસાવાના હસ્તે ભારત સરકારના સ્વદેશી 4G સૈચ્યુરેશન બીએસએનએલ મોબાઈલ ટાવરનો વિધિવત શીલાન્યાસ કરાયો

। તાપી, તા.૨૩ ।

ભારત સરકારની દુરસંચાર વિંગ બીએસએનએલ અંતર્ગત દક્ષિણ ગુજરાતના બિજનેસ ક્ષેત્ર સુરત સર્કલ દ્વારા તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પદમડુંગરી ખાતે ભારત સરકારના સ્વદેશી ૪૮ સૈચ્યુરેશન બીએસએનએલના કુલ ૧૧૨ ૪૮ મોબાઈલ ટાવરોનો શીલાન્યાસ કાર્યક્રમ યોજાયો હતો. આ ઐતિહાસિક રીતે પદ્માવતી અને પાવન ભુમી તરીકે ઓળખાતા પદમડુંગરી ગામથી ભારત સરકારના સ્વદેશી ૪૮ સૈચ્યુરેશન બીએસએનએલ મોબાઈલ ટાવરનું સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાના હસ્તે રૂ.૧૪૮.૫ કરોડના કુલ ૧૧૨ 4G મોબાઈલ ટાવરોનો શીલાન્યાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં ડિજિટલ ઈન્ડિયાની મુહિમ અંતર્ગત ડિજિટલાઈઝેશનની પ્રક્રિયા થકી સૌથી વધારે તાપી જિલ્લામાં ૧૧૨ ટાવર સ્થાપવાનું સૌ ભાગ્ય આજે



મને મળ્યું છે. આજે તાપી જિલ્લામાં ૧૧૨ જેટલા સ્વદેશી 4G મોબાઈલ ટાવરો બનાવી દેશમાં ડિઝિટલ ઈન્ડિયાને સાર્થક કરવાના આપણા ભારત દેશના વડાપ્રધાનશ્રીનું સપનું સાકાર થવા જઈ રહ્યું છે. વધું મા ઉમેર્યુ હતું કે તાપી જિલ્લાના ગામડાઓની વર્ષો જુની માંગ હતી. જે આ મોબાઈલ ટાવર ઉભા થવાથી પુરી થશે. વર્ષ ૨૦૨૦માં આવેલી કોરોના મહામારીએ મોબાઈલ નેટવર્કની મહત્વતા આપણને સમજાવી દીધી છે. આજે નેટવર્ક વગર કશું ચાલતું નથી, શિક્ષણ હોય કે આરોગ્ય વિષયક માહિતીથી સભર રહેવા આજે ઈન્ટરનેટ ખુબજ જરૂરી છે.

# બીલીમોરા આઇ.ટી.આઇ.ખાતે રક્તદાન શિબિર કાર્યક્રમ યોજાયો

। તાપી, તા.૨૩ ।

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, બલીમોરા ખાતે તાલીમાર્થીઓમાં સામાજીક જવાબદારી વધુમાં વધુ કેળવાય તે માટે સંસ્થા ખાતે અલગ-અલગ કાર્યક્રમો યોજાઈ છે. જે અંતર્ગત શ્રી સત્યસાંઈ સેવા સમિતિ, બીલીમોરાના સહયોગથી લાયન્સ કલબ બીલીમોરા સંચાલિત એન.એમ.પટેલ બ્લડબેંક અને ડો.અરૂણકુમાર મપારા બ્લડ કમ્પોનન્ટ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, બીલીમોરાના આચાર્ય શ્રી પી.એસ. પટેલ દ્વારા Be a Hero, Donate Blod



ના સ્લોગન સાથે સૌપ્રથમ રકતદાન કરી સમગ્ર સ્ટાફ અને તાલીમાર્થીઓને પ્રોત્સાહિક કર્યા હતાં. સંસ્થાના અલગ-અલગ ટ્રેડના તાલીમાર્થીઓ અને સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરો દ્વારા વારંવાર રકતદાન કોઈક ને જીવનદાન ના અભિગમ સાથે રકતદાન કરી ૬૫ બોટલ એકઠી કરવામાં આવી હતી.

# કૃષિ મહાવિદ્યાલય, ભરૂચ ખાતે "પ્રાકૃતિક ખેતી અને ટીશ્યુકલ્ચર ટેક્નોલોજી દ્વારા ખેડૂતોના સશક્તિકરણ" પર એક દિવસીય તાલીમ યોજાઇ

। નવસારી, તા.૨૩ ।

કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, કેમ્પસ, ભરૂચ તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ ડેવેલોપમેન્ટ બોર્ડ, આત્મા પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય તાલીમ કમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. તાલીમમાં ડૉ. જે. જી. પટેલ, મેમ્બર ઓફ એકેડેમિક કાઉન્સિલ પણ હાજર રહ્યા હતા. ગ્રામીણ વિકાશનો પાયો પ્રાકૃતિક ખેતી થકી જ મજબૂત બનશે અને આધુનિક યુગમાં પ્રાકૃતિક ખેતી કરી અને આવકમાં કઈ રીતે વધારો કરી શકાય તે વિશે પ્રમુખ પદેથી ઉદબોધન કર્યું હતું. પ્રાકૃતિક ખેતીમાં, ટિસ્યૂ કલ્ચરના રોપા વિવિધ જીવામૃત બીજા મૃત, દશપર્ણી અર્ક તેમજ વર્મી કમ્પોસ્ટ કઈ રીતે બનાવવો તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી, સાથે-સાથે તાલીમ દરમિયાન બાગાયતી પાકો જેમ કે જામફળ, આંબા, ચીકુ તેમાં કલમ પદ્ધતિઓ તેમજ પ્રાકૃતિક ખેતી થકી તેમાં કઈ રીતે આવકમાં વધારો કરી શકાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તાલીમમાં કોલેજનાવાઈસ પ્રિન્સિપાલડૉ. જે. જે. પટેલ, કન્વીનર ડૉ. ટી.યુ.પટેલ, કોર્સ ડાયરેક્ટર ડૉ.વૈશાલી સુર્વે, ડૉ. દિનેશા અભિષેક તેમજ કો-કોર્સ ડાયરેક્ટર ડૉ.પી.એમ. સાંખલા, ડૉ. એસ. એલ.સાંગાણી અને ડૉ.દિપા હિરેમઠ તેમજ આત્મા વિભાગના રાકેશભાઈ અને અન્ય સ્ટાફગણ હાજર રહ્યા હતા. ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકામાંથી આવેલ ખેડૂતોએ રસપ્રદ રીતે તાલીમનો લાભ ઉઠાવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે. વળી, આ લતમાંથી છૂટવા માટે આ સમય યોગ્ય પણ છે. યાદ રાખો લોઢું ગરમ હોય ત્યારે જ આપણે ઘા કરવો જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મિત્ર અથવા કોઈ ઓળખીતાનું સ્વાર્થી વર્તન તમારી માનસિક શાંતિને હણી નાખશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે. નોકરો,સહકર્મચારીઓ તથા સાથીઓ સાથે સમસ્યાઓ નકારી શકાય નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. આ રાશિ ના લોકોએ આજે મફત સમય માં આધ્યાત્મિક પુસ્તકો નો અભ્યાસ કરવો જોઈએ.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો- મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.

### કોંગ્રેસ-સપા વચ્ચેનો આંતરિક વિવાદ યથાવત

# સપા કાર્યાલયના પોસ્ટર્સ પર અખિલેશને ભાવિ પીએમ દર્શાવાયા

। લખનઉ, તા.૨૩ ।

ઈન્ડિયા ગઠબંધનમાં એક વિચારધારા સાથે આગળ વધવાની વાતો કરતા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચેનું વાકયુદ્ધ સમી ગયું છે, જોકે બંને પાર્ટીઓ વચ્ચે હજુ પણ અંદરોઅંદરની તીખાશ સંપૂર્ણ સમાપ્ત થઈ હોય તેવું લાગી રહ્યું નથી. દરમિયાન લખનઉમાં સમાજવાદી પાર્ટીના કાર્યાલય બહાર લગાવાયેલ પોસ્ટરો ચર્ચામાં આવી ગયા છે, જેને લઈ ઉત્તર પ્રદેશના રાજકારણમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. પોસ્ટરમાં અખિલેશ યાદવને ભાવિ વડાપ્રધાન દર્શાવાયા છે. આ મામલે બીજેપીના નેતાઓ પણ કટાક્ષ કરી રહ્યા છે. અખિલેશ યાદવના ભાવિ પીએમ અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પાર્ટીના નેતા ફખરુલ હસન ચાંદ તરફથી આ પોસ્ટરો લગાવ્યા છે. આ અંગે હસન ચાંદને કહ્યું કે, આમ તો અખિલેશ યાદવનો જન્મ દિવસ એક જુલાઈએ હોય છે, પરંતુ પાર્ટીના કાર્યકર્તાઓ તેમના પ્રત્યે અપાર પ્રેમ અને સન્માન દર્શાવવા માટે ઘણીવાર જન્મદિવસ ઉજવે છે. આજે પણ પક્ષના કેટલાક નેતાઓ અને કાર્યકર્તાઓએ તેમનો જન્મદિવસ ઉજવ્યો.

### દેશભરમાં સાયબર ફ્રોડના કેસ સતત વધી રહ્યા છે

# દિલ્હી હાઈકોર્ટના વકીલ સાયબર ફ્રોડનો શિકાર, ખાતામાંથી લાખો ઊડી ગયા

। નવી દિલ્હી, તા.૨૩ ।

દેશભરમાં સાયબર ફ્રોડના કેસ સતત વધી રહ્યા છે. દરરોજ ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે હવે દિલ્હી હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતી મહિલા વકીલ પણ સાયબર ક્રાઈમનો શિકાર બની છે. જો કે, મહિલા વકીલએ ન તો કોઈ કોલ રિસીવ કર્યો હતો કે ન તો કોઈ ઓટીપીશેર કર્યો હતો. પરંતુ તેમ છતાં તેના ખાતામાંથી લાખો રૂપિયા ઉડી ગયા હતા. પીડિતાને તેના ફોન પર માત્ર ત્રણ વાર મિસ્ડ કોલ આવ્યા અને હેકર્સે તેના એકાઉન્ટમાંથી પૈસા ગાયબ કરી નાખ્યા હતા. આ સમગ્ર મામલો સિમ સ્વેપિંગ સાથે જોડાયેલો છે. જોકે, આ પહેલો મામલો નથી. આ અગાઉ પણ સિમ સ્વેપિંગના ઘણા મામાલા સામે આવી ચૂક્યા છે. આ મામલે દિલ્હી પોલીસના સાયબર સેલે જણાવ્યું કે, વકીલે ન તો આરોપીના કોઈ ફોન કોલનો જવાબ આપ્યો હતો કે,ન તો કોઈ અંગત વિગતો કે ઓટીપીશેર કર્યો પરંતુ તેમ છતાં આરોપી બેંકિંગ વિગતો સહિત તેની તમામ અંગત માહિતી કાઢવામાં સફળ રહ્યો અને તેના પૈસાની ચોરી લીધા હતા.



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગોરખપુરના ગોરખનાથ મંદિરમાં નવરાત્રિના નવમીના દિવસે કન્યા પૂજા કરી હતી.

# ઈઝરાયેલ અને હમાસ યુદ્ધમાં હિઝબુલ્લાની મહત્વની ભૂમિકા

### ઈઝરાયલ ગાઝાપટ્ટી ઉપર ભૂમિ ઉપરથી આક્રમણ કરશે, ભારે કિંમત ચુકવવી પડશે : લેબેનોન કટ્ટરપંથી સંગઠન

। નવી દિલ્હી, તા.૨૩ ।

ઈઝરાયલ-હમાસ યુદ્ધ કંઈ અમસ્તું અને એકાએક શરૂ નથી થયું. તેની પાછળ કેટલાયે દેશો અને સંગઠનોની મહત્વની ભૂમિકા છે. હમાસ ઉપર કરેલી ઈઝરાયલની કાર્યવાહી દરમિયાન તેના અનેક પુરાવા મળી આવ્યા છે. ઈઝરાયલી સેનાને હમાસ આતંકીઓ પાસેથી ઈરાનના અને ઉ.કોરિયાનાં કેટલાંયે શસ્ત્રોનો જથ્થો મળી આવ્યો છે, ત્યારે લેબેનોનનાં ખતરનાક ઈસ્લામિક સંગઠન હિઝબુલ્લાએ કહ્યું કે, આ યુદ્ધમાં અમારી મહત્વની ભૂમિકા છે. તેણે ખુલ્લી રીતે તે વાત જણાવી છે.

લેબેનોનનાં કટ્ટરપંથી આ ઈસ્લામિક સંગઠને વધુમાં કહ્યું છે કે જો ઈઝરાયલ ગાઝાપટ્ટી ઉપર ભૂમિ ઉપરથી આક્રમણ કરશે, તો તેને તેની ભારે કિંમત ચુકવવી પડશે. હિઝબુલ્લાના ઉપનેતા શેખ નઈમ કાસીમે આ કથન તે સમયે કર્યું છે કે જ્યારે ઈઝરાયલે દ.લેબેનોનમાં બોમ્બમારો કર્યો અને ડ્રોનથી હુમલા શરૂ કર્યા છે. તથા રોકેટ અને મિસાઈલ્સ છોડયા હતા. આ હુમલામાં છ આતંકીઓ માર્યા ગયા હતાં. કાસીમે કહ્યું કે, 'લેબેનોન-ઈઝરાયલ સરહદે તણાવ ઉભો કરવા પાછળ સ્પષ્ટ ઉદ્દેશ છે, અમે યહુદી દુશ્મનોને કમજોર કરવા પ્રયત્નો કરી રહ્યા છીએ.' જો ઈઝર-યલ ગાઝામાં ભૂમિ ઉપરથી હુમલા શરૂ કરશે તો હિઝબુલ્લા યુદ્ધમાં જોડાઈ જશે. વાસ્તવમાં હમાસે દક્ષિણ ઈઝરાયલ ઉપર ૭ ઓક્ટોબરે અકારણ અને ઓચિંતા હુમલા શરૂ કર્યા પછી ઈઝરાયલે ગાઝાપટ્ટીની ઘેરાબંધી શરૂ કરી દીધી છે, અને વળતા હુમલા શરૂ કરી દીધા છે. શનિવારે ઈજીપ્ત અને ગાઝાપટ્ટી વચ્ચેની સરહદ ઈજીપ્તે ખોળી નાખી છે, તે પછી આશરે બે સપ્તાહ પછી પાણી, ભોજન, અને દવા માટે વલખા મારતા પેલેસ્ટાઈનીઓને સહાય પહોંચવી શરૂ થઈ ચૂકી છે. આ સાથે નિરીક્ષકો કહે છે કે, ઈરાન સમર્થિત હિઝબુલ્લા ઉત્તર ઈઝરાયલ ઉપર વ્યાપક રીતે હુમલા કરી ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં નવો મોર્ચો ખોલવા પ્રયત્ન કરી રહ્યું છે. હિઝબુલ્લા પાસે હજ્જારો રોકેટ અને મિસાઈલ ઉપરાંત વિભિન્ન પ્રકારનાં ડ્રોન વિમાનો છે. કાસીમે કહ્યું છે કે તેના સંગઠને લેબેનોન-ઈઝરાયલ સીમા ઉપર તણાવ ઉભો કરી ઈઝરાયલી સેનાને તંગ અવસ્થામાં રાખી છે. તેથી ગાઝા પર ભૂમિ ઉપર હુમલો કરવાને બદલે તે ઉત્તર ક્ષેત્રમાં વ્યસ્ત રહે.

# વારાણસીમાં એક મોમોસના ચક્કરમાં બે જૂથો વચ્ચે ટકરાવ



। વારાણસી, તા.૨૩ ।

ગઈકાલે રાતે લગભગ આઠ વાગ્યા આસપાસ એક મોમોઝ માટે ઉત્તરપ્રદેશમાં બે જૂથો વચ્ચે બબાલ થઈ હતી. પીએમમોદીના મતવિસ્તાર એટલે કે વારાણસીના આદમ પુર પોલીસ સ્ટેશન ક્ષેત્રમાં આ ઘટના બની હતી. બે પક્ષો વચ્ચે ઈંટો-પથ્થરો ફેંકવાની ઘટનાથી વિસ્તારમાં નાશભાગ મચી ગઈ હતી. આ વિસ્તારમાં લગભગ અડધી કલાક સુધી પથ્થરમારો ચાલ્યો હતો.

આ ઘટનાના કારણે ઘણા લોકોને ઈજા થઈ હતી. પોલીસે તરત જ ઈજાગ્રસ્તોને ડિવિઝનલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. તે જ સમયે, પોલીસ ઘણા લોકોની અટકાયત કરી રહી છે અને તેમની પૂછપરછ કરી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે, મોમો વેચનાર સહિત ત્રણ લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે જેતપુરા, સારનાથ, કોતવાલી અને આદમપુર પોલીસ સ્ટેશનના દળોને બોલાવવામાં આવ્યા હતા.

કરણ નામનો યુવક વિજયપુરા ચારરસ્તા પાસે મોમોસની દુકાન ચલાવે છે. ખજુરિયામાં રહેતો એક યુવક અરુણ રાજભર મોમોસ ખરીદવા આવ્યો હતો. મોમોસ લેતી વખતે એક ટુકડો જમીન પર પડ્યો આવી નજીવી બાબતે બોલાચાલી થઈ હતી. ત્યાં હાજર લોકોએ અરુણ રાજભરના યુવકને ઢોર માર માર્યો હતો. થોડી વાર પછી ઘાયલ યુવક પણ ઘણા લોકો સાથે ઘટનાસ્થળે પહોંચી ગયો. થોડી જ વારમાં બંને પક્ષો સામસામે આવ્યા અને પથ્થરમારો શરૂ થયો. આ ઘટનાથી વિસ્તારમાં ભારે નાશભાગ મચી ગઈ હતી.

### ઈન્ડિયા મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર

# ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો પ્રભાવ આઈએમઈઈસી પર નહીં પડે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતના ડ્રીમ પ્રોજેક્ટ ઈન્ડિયા મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર (આઈએમઈઈસી)નું કામ શરૂ થઈ ગયું છે. જેમાં ૮ બંદરોને રેલ્વે લાઈન સાથે જોડવામાં આ પ્રોજેક્ટમાં રૂ. ૩.૫ લાખ કરોડનો ખર્ચ થશે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થવાને કારણે આ પ્રોજેક્ટ મુશ્કેલીમાં મુકાયાની ચર્ચાઓ થતી હતી, પણ ભારત સરકારનું કહેવું છે કે યુદ્ધનો પ્રભાવ આ પ્રોજેક્ટ પર નહિ પડે.

રેલ મંત્રી વૈષ્ણવએ જણાવ્યું હતું કે ૮ બંદરોને રેલ્વે લાઈન સાથે જોડવા માટે રોકાણ વધારવામાં આવશે. જેથી દેશમાં કોઈપણ જગ્યાએથી ૩૬ કલાકમાં આ બંદર પર પહોંચી શકાય અને આઈએમઈઈસીનો ઉપયોગ કરીને પોતાનો માલ મિડલ ઈસ્ટ યુરોપમાં સરળતાથી મોકલી શકાય. રૂ. ૩.૫ લાખ કરોડના પ્રોજેક્ટમાં ઘણી યોજનાઓ સામેલ છે.

જી-૨૦ શિખર સંમેલનમાં ઈન્ડિયન મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરીડોરની (આઈએમઈઈસી) જાહેરાત પીએમ મોદી દ્વારા કરવામાં આવી હતી. જેને ચીનના બીઆરઆઈપ્રોજેક્ટના જવાબ રૂપે જોવામાં આવે છે. આ બાબતે અમેરિકન રાષ્ટ્રપતિ બાઈડને ઓવલ ઓફીસના તેમના ભાષણમાં આઈએમઈઈસીને એક મહત્વનો પ્રોજેક્ટ ગણાવ્યો હતો.

આ યોજના અંતર્ગત ભારતીય બંદરોથી જહાજની મદદથી યુએઈમાં ફુજૈરા સુધી માલ પહોંચાડવામાં આવશે. ત્યારબાદ ત્યાંથી કન્ટેનરોને ટ્રેન મારફતે ઈઝરાયેલમાં હાઈફા સુધી લઈ જવામાં આવશે.

### અમેરિકાએ તેના નાગરિકો માટે એડવાઈઝરી બહાર પાડી

# યુએસના નાગરિકોને ઈરાકની યાત્રા ન કરવા અમેરિકાની સલાહ

। વોશિંગ્ટન, તા.૨૩ ।

ઈઝરાયલ-ભારત જેવા દેશો પછી હવે અમેરિકાએ તેના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે, જે હેઠળ પોતાના દેશના નાગરિકોને ઈરાકની યાત્રા ન કરવાની સલાહ આપવામાં આવી છે. અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં સૈનિકો અને કર્મચારીઓ પર થયેલા તાજેતરના હુમલા બાદ અમેરિકી નાગરિકોએ ઈરાકની યાત્રા ન કરવી જોઈએ. ટ્રાવેલ એડવાઈઝરીમાં જણાવાયું છે કે આતંકવાદ, અપહરણ, સશસ્ત્ર સંઘર્ષ, નાગરિક અશાંતિ અને મિશન ઈરાકની અમેરિકી નાગરિકોને સહાય પૂરી પાડવાની મર્યાદિત ક્ષમતાને કારણે ઈરાકની મુસાફરી ન કરવી. ગાઝામાં ઈઝરાયેલ અને હમાસના આતંકવાદીઓ વચ્ચે સંઘર્ષ શરૂ થયો ત્યારથી ઈરાક અને સીરિયામાં અમેરિકી દળો સામે પણ હુમલા વધી ગયા છે. ગયા અઠવાડિયે અમેરિકાના યુદ્ધજહાજે યમનમાં ઈરાન સમર્થિત હૌથીઓ દ્વારા છોડવામાં આવેલા એક ડઝનથી વધુ ડ્રોન અને ચાર ક્રુઝ મિસાઈલોને તોડી પાડી હતી. અમેરિકાના વિદેશ વિભાગે કહ્યું કે અમેરિકી કર્મચારીઓ અને હિતોની સામે વધી રહેલા સુરક્ષા જોખમોને કારણે અમેરિકી એમ્બેસી બગદાદ અને અમેરિકી કોન્સ્યુલેટ જનરલ એર્બિલમાંથી લાયક પરિવારના સભ્યો અને બિન-ઈમરજન્સી અમેરિકી સરકારી કર્મચારીઓને સ્થળાંતર કરી જવાના આદેશ બાદ આ સલાહ આપવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા વિરોધી મિલિશિયા સમગ્ર ઈરાકમાં અમેરિકી નાગરિકો અને આંતરરાષ્ટ્રીય કંપનીઓને ધમકી આપી રહ્યા છે.

### ઈઝરાયેલ-હમાસ વચ્ચે ૧૫ દિવસથી યુદ્ધ

# ૧૫ દિવસના યુદ્ધમાં પ્રથમ વાર ઈઝરાયેલ-હમાસનો સામનો

। જેરૂસલેમ, તા.૨૩ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ વકરી રહ્યું છે ત્યારે ૧૫ દિવસથી ચાલી રહેલા યુદ્ધમાં પ્રથમ વખત ઈઝરાયલી આર્મીના જવાનો અને હમાસના આતંકીઓ સામ-સામે આવી ગયા હતા. ઈઝરાયલી સૈન્યએ રવિવારે ગાઝા પટ્ટીમાં તાબડતોબ ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન હમાસના આતંકીઓ સાથે સામનો થતાં બંને તરફથી ભારે બોમ્બમારો કરાયો હતો. સમગ્ર વિસ્તારમાં બોમ્બ ધડાકાના જ અવાજો સંભળાઈ રહ્યા હતા. હમાસના આતંકીઓએ આ દરમિયાન ઈઝરાયલી સૈન્યના વાહનોને નષ્ટ કર્યાનો દાવો કર્યો છે. એક અહેવાલ અનુસાર હમાસના આતંકીઓએ દાવો કર્યો છે કે તેણે બે ઈઝરાયલી સૈન્યના બુલડોઝર અને એક ટેંક્રને નષ્ટ કરીદીધા છે. ઈઝરાયલી સૈનિકો રવિવારે કથિત ગ્રાઉન્ડ ઓપરેશન માટે ગાઝા પટ્ટીમાં ઘૂસ્યા હતા. ત્યાં હમાસના આતંકીઓ સાથે સામનો થયો હતો. હમાસે કહ્યું કે આ અથડામણમાં અમે ભારે પડી ગયા હતા અને ઈઝરાયલી સૈનિકોએ પીછેહઠ કરવી પડી હતી. આ અથડામણ કથિત ગઝાનના ખાન યુનિસ શહેરમાં થઈ હતી. જોકે ઈઝરાયલી સૈન્યએ આ મામલે કોઈ સત્તાવાર ટિપ્પણી નથી કરી. જ્યારે હમાસે દાવો કર્યો છે કે તેના લડાકૂઓએ ઘાત લગાવીને કરેલા હુમલામાં બે ઈઝરાયલી સૈન્યના બુલડોઝર અને એક ટેંક્રને નષ્ટ કરી દીધા છે. જેનાથી ઈઝરાયલી સૈનિકોએ તેમના વાહનો વગર જ પીછેહઠ કરવાની ફરજ પડી હતી. ઈઝરાયલી સૈન્યએ કહ્યું કે ઘટના દરમિયાન અમારી સેના ગાઝામાં કામ કરી રહી હતી.

## વિશેષ

### તહેવારોની મોસમમા ગલગોટા સહિત વિવિધ ફુલોનું વિશેષ મહત્વ : ફુલોની ખેતી કરતા ખેડૂતોની આવક બમણી

# તાપી જિલ્લામાં યુવાનોએ પસંદ કરી ગુજરાત રાજ્ય ફુલની ખેતી : આવક બમણી થતા અન્ય યુવાઓ પણ ગલગોટાની ખેતી તરફ આકર્ષાયા

### ગણપતિ, નવરાત્રી, દિવાળી જેવા તહેવારો દરમિયાન ૨ થી ૩ લાખની આવક થાય છે : લાભાર્થી યશકુમાર ગામીત

ગુજરાતની ખેતીમાં દિનપ્રતિદિન પરિવર્તન આવતુ જાય છે. રાજયના ખેડૂતો નવીન ખેત પધ્ધતિ, નવી જાતો અને નવીન ટેકનોલોજીમાં સતત રસ લેતા થયા છે. જે ગુજરાતના કૃષિકારોની જાગૃતિને પ્રતિબિંબિત કરે છે. આવા ખેડૂતો પૈકી તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કોહલી ગામના એક પ્રગતિશિલ આદિવાસી ખેડૂત ભાઈબંધ શ્રી યશકુમાર ગામીત અને તેજલભાઈ રાકેશભાઈ ચૌધરીએ બાગાયત વિભાગની ૨૦૨૩-૨૪મા છૂટા ફુલોની ખેતીની યોજનાનો લાભ મેળવી, ગુજરાતના રાજ્ય ફુલ 'ગલગોટા'ના ફુલોની ખેતી કરી છે, અને ફક્ત ૩ થી ૪ મહિનામાં જ તેમની આવક બમણી કરી યુવાઓને પ્રેરિત કરી રહ્યા છે.



યશકુમાર ગામીત આ અંગે વધુ માહિતી આપતા જણાવે છે કે, બાગાયત ખાતાની યોજના તળે ફુલોની આ ખેતી માટે તેમણે અરજી કરી હતી. છેલ્લા ૩ વર્ષથી ફુલોની ખેતી કરતા આ લાભાર્થી એ પહેલા પ્રાયોગિક ધોરણે ૧૦૦૦ જેટલા ગલગોટા વાવ્યા હતા. જેમાં ફાયદો થતા આ વર્ષે ૫૦૦૦ રોપા કર્યા છે. બાગાયત ખાતા તરફથી છુટ્ટા ફુલોની ખેતીની યોજનામાં તેમને રૂા.૧૪ હજારની સહાય મળી છે. યશકુમારે વધુમાં ઉમેર્યું કે, ૨.૫ વિઘામા હાલ તેમણે 'ગેંદા ફૂલ' (ગલગોટા) કર્યા છે. જેમા ખેતી ખર્ચ રૂા.૬૦ થી ૬૫ હજાર થયો છે, અને અત્યાર સુધી તેમાંથી તેમને રૂા.૨ લાખ જેટલી આવક મેળવી પણ લીધી છે. બાગાયત ખાતા તરફથી છુટ્ટા ફુલની ખેતીની યોજનામાં તેમને રૂા.૧૪ હજારની સહાય પ્રાપ્ત થઈ છે. જેના માટે અમે સરકારશ્રી અને બાગાયત વિભાગ તાપીના આભારી છીએ, એમ તેમણે કૃતજ્ઞતા વ્યક્ત કરતા જણાવ્યું હતું.

આ ખેતીમાં ગણપતિ, નવરાત્રી, દિવાળી જેવા તહેવારો દરમિયાન રૂા.૨ થી ૩ લાખની આવક થાય છે. આ વર્ષે નવરાત્રીના ૯ દિવસ દરમિયાન જ ૫૦ હજારથી વધારેની આવક થઈ છે. જેથી હુ તમામ ખેડૂતમિત્રોને અનુરોધ કરુ છું કે તમે પણ ફુલોની ખેતી કરો અને પ્રોફિટ મેળવો, એમ તેમણે ઉમેર્યું હતું.

યશકુમારના મિત્ર અને કોહલી ગામના રહેવાસી તેજલભાઈ રાકેશભાઈ ચૌધરીએ પણ બાગાયત ખાતાની છુટ્ટા ફુલોની ખેતી યોજનામાં લાભ લીધો છે. ગલગોટાની ખેતીના ફાયદા અંગે માહિતી આપતા તેજલભાઈએ જણાવ્યું હતું કે, અન્ય પાકો કરતા ગલગોટાની ખેતીમાં ખેતી ખર્ચ ઓછો આવે છે, અને શાકભાજીની જેમ નુકશાનીનો ડર પણ ઓછો રહે છે. વાર તહેવારે ફુલોના ભાવ વધવાથી આવક બમણી થાય છે. તેજલભાઈ વધુમાં ઉમેરે છે કે, મે પાંચ હજાર છોડ વાવ્યા છે. જેમાં દર બીજા દિવસે ફુલપાક તોડવામાં આવે છે. જેમાં અંદાજે ૨૦૦ કિલો જેટલા ફુલો નીકળે છે. કિલોના ઓછામાં ઓછા રૂા.૧૦૦ લઈએ તો પણ એક લણણીમાં રૂા.૨૦ હજાર જેટલી આવક મળી રહે છે.

નવરાત્રીની સિઝનમાં ૫૦ હજારનો ખર્ચ કાઢતા પ્રોફિટ રૂા.૧ લાખથી વધુનું મળ્યું છે. બાગાયત ખાતાની છુટ્ટા ફુલોની ખેતી યોજનામાં સહાય મળતા ખેતી ખર્ચમાં પણ રાહત મળી છે. અમે સરકારશ્રીના આભારી છીએ, તેમ પણ તેમણે કહ્યું હતું.

બાગાયત ખાતાની છુટ્ટા ફુલોની ખેતી યોજના અંગે વધુ માહિતી આપતા, તાપી જિલ્લા બાગાયત અધિકારી શ્રી તુષારભાઈ ગામીતે જણાવ્યું હતું કે, બાગાયતમાં ફૂલોની ખેતી પણ એક એવું જ વિકસતુ ક્ષેત્ર છે. હાલમાં ગુજરાત રાજ્યમાં વિવિધ ફૂલોના પાક હેઠળ વાવેતરનો વિસ્તાર અંદાજે ૧૫૦૦૦ હેકટર જેટલો છે. તથા રાજ્યનું ફૂલોનું કુલ ઉત્પાદન અંદાજે ૧૨૮૦૦૦ મેટ્રિક ટન છે. જ્યારે તાપી જિલ્લામાં ફુલોનો વાવેતરનો વિસ્તાર અંદાજે ૪૩૯ હેકટર છે, અને તાપી જિલ્લામાંથી અંદાજિત ૩૯૨૭ મેટ્રિક ટન ફુલોનું ઉત્પાદન દર વર્ષે થાય છે. તાપી જિલ્લામાંથી ફુલોનો નિકાસ સુરત સહિત મહારાષ્ટ્ર રાજ્યમાં થાય છે.

હાલ તાપી જિલ્લામાં કુલ ૭૦,૪૬૦ ખેડૂતો બાગાયતી પાક ધરાવે છે. તાપી જિલ્લામાં બાગાયતી પાકનો વિસ્તાર ૩૨,૬૦૦ હેક્ટર છે. જેમાંથી કુલ ૪૩૯ હેકટર વિસ્તારમા ખેડૂતો ફુલોની ખેતી કરી રહ્યા છે. જેમાં ગલગોટા, ગુલાબ, સેવંતી વગેરે જેવા વિવિધ ફુલોની ખેતી તાપી જિલ્લાના ખેડૂતો કરી રહ્યા છે. છુટ્ટા ફુલોની ખેતીની યોજનામાં લાભાર્થીને યોજના મુજબ ખર્ચના ૪૦ % પ્રમાણે યોજનાનો લાભ મળે છે. બાગાયત અધિકારી શ્રી ગામીતે તાપી જિલ્લાના તમામ ખેડૂત ભાઈ બહેનોને બાગાયત ખાતાની વિવિધ યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો છે. નવરાત્રી શરૂઆત થતા જ ગલગોટાના ફુલોના ભાવમા ધરખમ વધારો જોવા મળે છે. ગલગોટા, ગેંદા ફૂલ અથવા હજારીગલ તરીકે ઓળખાતા આ ફૂલો, તેની નારંગી અને પીળા રંગના પ્રભુત્વને કારણે ધાર્મિક વિધિઓમાં, શણગાર માટે ખાસ ઉપયોગમાં લેવાય છે.

# પાલનપુરમાં નિર્માણાધીન ઓવરબ્રિજ તૂટી પડ્યો

## પાલનપુર આરટીઓ સર્કલ નજીક ઓવરબ્રિજ ધરાશાયી થયો છે : ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા

। પાલનપુર, તા.૨૩ ।

રાજ્યમાં ભ્રષ્ટાચારના ભારમાં પુલોની હાલત ખરાબ થઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી લોકાર્પણ પહેલાં કે લોકાર્પણના ગણતરીના વર્ષોમાં પુલો ખખડધજ કે ધરાશાયી થઈ રહ્યાં છે. ત્યારે વધુ એક નિર્માણાધીન બ્રિજ તૂટી પડ્યો છે. પાલનપુર આરટીઓ સર્કલ નજીક નિર્માણાધિન ઓવરબ્રિજ ધરાશાયી થયો છે. ઓવરબ્રિજનો એક ભાગ તૂટી પડતા રીક્ષા ચાલક સહિત ત્રણ વ્યક્તિ કાટમાળમાં દટાયા હતા. આ બનાવના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. પાલનપુરમાં નિર્માણાધીન ફ્લાયઓવરનો કેટલોક ભાગ ધરાશાયી થયો છે. આરટીઓ સર્કલ ખાતે બની રહેલા ફ્લાયઓવરના બે ગર્ડર તૂટ્યા હતા. રાજ્યના રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગ દ્વારા બ્રિજ બની રહ્યો છે. હજી તાજેતરમાં જ મુખ્યમંત્રીએ આ મામલે તંત્રને કડક તાકીદ કરી હતી કે, ફ્લાયઓવરના નિર્માણ સમયે પુરતી ગુણવત્તા રાખવામાં આવે. છતાં મુખ્યમંત્રીની કડક ટકોર બાદ પણ અધિકારીઓએ ધ્યાન ન આપ્યુ.

કેન્દ્ર સરકારે ૧૨૩ કરોડના ખર્ચે થ્રી લેગ એલિવેટેડ રોટરી રેલવે ઓવરબ્રિજ મંજૂર કર્યો હતો, જેમાં પાલનપુરની એજન્સીને ૯૦ કરોડના ખર્ચે બ્રીજ બનાવવાનું કામ મંજુર થયું છે. જે ૧૮ મહિનામાં પૂર્ણ કરાશે. જે દાતા તરફ ૬૮૨ મીટર લાંબુ, આબુ રોડ તરફ ૭૦૦ મીટર લાંબુ, અને પાલનપુર-અમદાવાદ હાઈવે તરફ ૯૫૧ મીટર લાંબા ત્રણ લેગ બનાવાશે. ગુજરાતનું પ્રથમ પિલ્લર પર થ્રીલેગ એલિવેટેડ રોટરી ડિઝાઈનનું રેલવે ઓવરબ્રિજ સ્ટ્રક્ચર તૈયાર થશે. હવામાં ૧૮થી૨૦ ફૂટ ઉપર કોઈપણ સર્કલ બન્યું નથી.

આવી વારંવારની બનતી ઘટનાઓ અનેક સવાલો પેદા કરે છે. શા માટે વારે વારે બને છે નિર્માણાધીન બાંધકામોનો ભાગ તૂટવાના બનાવ....?? શું કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતના કારણે બને છે



આવા બનાવ..?? જો બ્રિજ નિર્માણના સમયે જ ઢળી પડતા હોય તેની મજબૂતી કેટલી અને જો આવા બ્રિજ બને તો તેનું ભવિષ્ય કેટલું. આવા બ્રિજ પર વાહન વ્યવહાર ચાલુ થઈ જાય તો ગમે ત્યારે મોરબીવાળી ઘટના બની શકે છે. એક તરફ સરકાર રામ મંદિર બનાવવાની વાતો કરે છે. વિદેશી મહેમાનોને સ્ટેચ્યુ ઓફ યુનિટી બતાવવા બોલાવે છે. પરંતુ ગુજરાતીઓને ટકાઉ બ્રિજ આપી શકતી નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં નવા બની રહેલા બ્રિજમાં વિકાસને બદલે ભ્રષ્ટાચાર દેખાઈ રહ્યો છે. આ બ્રિજના ખરતા કાંગરા સરકારની પોલ ખોલી રહ્યાં છે. તંત્ર અને બ્રિજ કોન્ટ્રાક્ટરની મિલીભગતને ખુલ્લી પાડે છે.

ન્યૂઝ બ્રિફ

### પાવાગઢમાં નવમાં નોરતે પણ ભક્તોની ભીડ યથાવત

। પાવાગઢ, તા.૨૩ ।

પવિત્ર યાત્રાધામ પૈકી એક પાવાગઢ મંદિરમાં નવરાત્રિ દરમિયાન પણ ભક્તોની ભીડ યથાવત છે. નવમા નોરતે પણ પાવાગઢના ડુંગર પર લાખો ભક્તો માના દર્શનાર્થે ઉમટી પડ્યા છે. ત્યારે પાવાગઢના ડુંગરથી લઈને મંદિર પરિસરમાં ભક્તોએ જયઘોષ બોલાવ્યો. આટલી ભીડ હોવા છતાં અનેક ભક્તો માના નેજા લઈને પહોંચ્યા છે. ભક્તોએ દર્શન કરીને માને નેજા અર્પણ કર્યા છે. ભીડ લાખોની છે, છતાં દર્શનની ઉત્સુક્તા ભક્તોમાં જોવા મળે છે. નવરાત્રિના નવે-નવ દિવસથી ભક્તોની જમાવટ છે. ભક્તો માની મંગળા આરતીમાં જોડાયા અને પરિસરમાં ગરબા રમીને ધન્યતા અનુભવી.

### દુર્ગાષ્ટમીની રાતે વાહન પાર્કિંગ મુદ્દે થયેલી બબાલમાં બે ભાઈઓની હત્યા

। સુરત, તા.૨૩ ।

સુરતના અમરોલી વિસ્તારમાં ગરબા બાબતે ઝઘડો થતા સગા બે ભાઈઓની હત્યા કરી દેવામાં આવી છે. કોસાડ આવાસ ખાતે શેરીમાં ગરબા ચાલુ રહ્યા હતા ત્યારે પાર્કિંગને લઈને ત્યાં જ ત્રણ ઈસમો જોડે બોલાચાલી થઈ હતી. ઝગડા બાદ ફરી ત્રણ ઈસમો ત્યાં આવી પહોંચ્યા હતા અને રાહુલ નામના યુવક બંને ભાઈઓ પર ચપ્પુ વડે હુમલો કરી ઘા ઝીંકી હત્યા ફરાર થઈ ગયા હતા. સુરતના અમરોલી આવાસમાં સુખલાલ પિંપળે તેના બે પુત્ર પુત્રવધુ અને પૌત્ર સાથે રહે છે. ત્યારે ગત મોડી રાત્રે સુખલાલ પીપળીનો આખો પરિવારનો માળો એકઝાટકે વિખેરાઈ ગયો હતો. તેના બંને જુવાનજ્યોત દીકરાના એક જ સાથે મોત થતા પિતા આઘાતમાં મુકાઈ ગયા હતા. ઘટનામાં ૨૮ વર્ષીય મોટો દીકરો રાહુલ પીપળેના પરિવારમાં પત્ની અને એક નાનો પુત્ર છે. તે પિતાની સાથે મોચી કામ કરે છે. જ્યારે ૨૩ વર્ષીય પ્રવીણ પીપળે હીરાની કંપનીમાં નોકરી કરતો હતો. આ પરિવાર મૂળ મહારાષ્ટ્રના બુલદાનાના વતની છે અને વર્ષોથી સુરતમાં અમરોલી વિસ્તારના આવાસમાં સાથે રહે છે. ગઈકાલે મહાઅષ્ટમીની રાતે સુરતમાં સગા બે ભાઈની હત્યાનો બનાવ સામે આવ્યો છે. બન્ને ભાઈ ગરબે રમતા હતા ત્યારે કેટલાક શખસો આવ્યા હતા અને ગાડી હટાવવાનું કહેતા મામલો બિચક્યો હતો અને ઝઘડો થયો હતો. બાદમાં બન્ને ભાઈને ૩ શખસે છરીથી રહેંસી નાખ્યા હતા.

**દશેરાને લઈને તૈયારીઓ પુરજોશમાં । ફાફડા રૂપિયા ૫૦૦થી ૬૫૦ પ્રતિકીલો અને જલેબી ૮૦૦થી એક હજાર રૂપિયા કિલો સુધીમાં વેચાણ થઈ રહ્યા છે**

# દશેરાને લઈને અનેક વિસ્તારમાં પંડાલ બાંધવામાં આવ્યા

। અમદાવાદ, તા.૨૩ ।

દશેરાના એક દિવસ પહેલા જ ફાફડા જલેબી માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અમદાવાદ શહેરમાં અનેક વિસ્તારમાં દુકાનમાં ફાફડા જલેબી માટે ખાસ પંડાલ બાંધવામાં આવ્યાં છે.

કોર્પોરેટ ઓર્ડર અને સોસાયટીઓનાં ઓર્ડરને પહોચી વળવા માટે ફાફડા તૈયાર કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. ફાફડા અને જલેબીના ભાવમાં પ્રતિ કિલો ૫૦ રૂપિ



યાનો વધારો થયો છે. ફાફડા રૂપિયા ૫૦૦થી ૬૫૦ પ્રતિકીલો અને જલેબી ૮૦૦થી એક હજાર રૂપિયા કિલો સુધીમાં વેચાણ થઈ રહ્યા છે. રાજકોટમાં પણ દશેરાને લઈને તૈયારીઓ પુરજોશમાં છે.

મીઠાઈ અને ફરસાણનાં વેચાણ માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જોકે ફરસાણ અને મીઠાઈમાં મોંઘવારીનું ગ્રહણ લાગ્યું છે. રાજકોટમાં આ વર્ષે મીઠાઈમાં ૨૦ થી ૪૦ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. દૂધ, ઘી, તેલ, ચણાનાં લોટમાં થયેલા ભાવ વધારાની અસર જોવા મળી રહી છે. રાજકોટમાં ૨૨ કરોડની મીઠાઈ વેચાવાનો અંદાજ છે. સૌથી વધુ ઘારી, જલેબી સાટા અને ગાંઠિયાનું વેચાણ થશે.

આ દશેરાએ બખલવાનો ભાવ ૧૨૦૦થી ૧૪૦૦ રૂપિયા, કાજુની જલેબીનો ભાવ ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિ યા તો સાટાના ૪૦૦ અને જલેબીનો ભાવ ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો આસપાસ હશે. એક બાજુ ગાંઠીયના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે તો બીજી બાજુ ગાંઠીયા સાથે ખવાતા મરચાનાં ભાવમાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે. હોલસેલ માર્કેટમાં મરચાના ભાવ ૮૦ રૂ. પ્રતિ કિલો પહોચ્યાં છે. સામાન્ય દિવસોમાં હોલસેલ માર્કેટમાં ૩૦ રૂપિયા પ્રતિ કિલો વેચાતા મરચાં ૮૦ રૂપિયા સુધી પહોંચ્યા છે. રિટેલ માર્કેટમાં મરચાનો ભાવ રૂ.૧૦૦ પ્રતિ કિલો આસપાસ છે. દશેરાના તહેવારમાં ફાફડા સાથે મરચાની માંગ હોવાથી મોટા પ્રમાણમાં મરચાંનું વેચાણ વધ્યું છે.



ભરતભાઈ એ.પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા કોલોની ગામે જમાનાબેન માતાજીને સ્થાનકે આસ્થાભેર હોમહવનનો ભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યું. ૨૦ વર્ષથી આસો સુદ આઠમના દિવસે માં શકિતની પૂજા અને આરાધના કરી હવનનું આયોજન કરવામાં આવે છે. આજુબાજુના વિસ્તારના અનેક ભાવિક ભક્તો દર્શનનો લ્હાવો લેવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ભરતભાઈ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અર્ચન કરવામાં આવી, સાંજે આરતી તેમજ પ્રસાદી લઈ ધન્યતા અનુભવી ભક્તો છૂટા પડ્યા હતાં.

# જીલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલમાં કારઠ પ્રાથમિક શાળાની ભાગીદારી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- દાહોદ મુકામે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત જિલ્લા કક્ષાનો નવમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં ઝાલોદ તાલુકાની કારઠ પ્રાથમિક શાળાનાં શિક્ષક વિરડીયા રવિકુમાર વિનુભાઈ દ્વારા ડિજીટલ TLM નામનું ઈનોવેશન રજુ કરવામાં આવ્યું. ઈનોવેશન કાર્યક્રમમાં દાહોદ જિલ્લા કલેકટર, દાહોદ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, બી.આર.સી. દાહોદ,



સમગ્ર DIET પરિવાર તથા વિવિધ તાલુકાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ઈનોવેશન ફેસ્ટિવલમાં શાળા અને તાલુકાનું ગૌરવ વધારવા બદલ કારઠ શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

**રાજ્યભરના સ્પા- મસાજ સંચાલકો સામે ગૃહ વિભાગે કરી લાલ આંખ**

# પાર્લરમાં કામ કરતાં તમામને ફોટા સાથે ઓળખ પોલીસમાં આપવી પડશે

। ગાંધીનગર, તા.૨૩ ।

તાજેતરમાં રાજ્યભરમાં સ્પા અને મસાજ પાર્લરના નામ હેઠળ ચાલતા ગોરખ ધંધા સામે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. સ્પા પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યાપાર સહિતના ગેરકાયદેસર પ્રવૃતિઓ પર કડક હાથે કામ લેવા અને અનૈતિક પ્રવૃત્તિ અટકાવવાના હેતુસર રાજ્યના તમામ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પા મસાજ પાર્લર સંચાલકોને ઓળખના પુરાવા આપવા આદેશ અપાયા છે.

આ માટેનું તમામ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવશે અને આવા સ્પા મસાજ પાર્લરના સંચાલકોએ તેમના ઓળખના પુરાવાની સાથે તેમના પાર્લરમાં કામ કરતાં કર્મચારીઓની ફોટા સાથે ઓળખ તમામ વિગતો નજીકના પોલીસ સ્ટેશનને આપવી પડશે. તાજેતરમા સુરતમાં ૫૦, રાજકોટમાં ૫૦, વડોદરામાં ૨૦, ભાવનગરમાં ૫ સ્પામાં દરોડા પાડવામાં આવ્યા હતા. ગુજરાતમાં વિવિધ શહેરોમાં ચાલી રહેલા સ્પા સેન્ટરોમાં પોલીસ, ક્રાઈમ બ્રાંચ, એસ.ઓ.જી માહિલા સેલની ટીમો દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. સમગ્ર રાજ્યમાં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા સ્પામાં પોલીસે દરોડા પાડીને કાર્યવાહી કરી હતી. જેમા ગુજરાત પોલીસે સ્પાની આડમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિ સામે કાયદાકીય પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી.

પોલીસને મળેલી સૂચના બાદ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, સુરેન્દ્રનગર સહિતના શહેરોમાં ચાલી રહેલા સ્પા પર દરોડા પાડવામાં આવ્યા હતા. રાજ્યભરમાં ચાલતા સ્પા સેન્ટર પર થેરાપીના નામે અનૈતિક ધંધા કરતા સ્પા સંચાલકો સામે ગૃહરાજ્ય મંત્રીનાં આદેશ બાદ પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી. ૨૭ જેટલા સ્પા સેન્ટરો અને હોટલોનાં લાયસન્સ પણ રદ કરાયા છે.

ગત તા.૧૭ ઓક્ટોબરના રોજ ગૃહ રાજ્ય મંત્રી દ્વારા તમામ પોલીસ અધિક્ષકોએ રેન્જ અધિકારીઓ પોલીસ કમિશનરઓ સંયુક્ત પોલીસ કમિશનરઓ તથા નાયબ પોલીસ કમિશનરઓ સાથે વીડીયો કોન્ફરન્સ યોજીને ગેરકાયદેસર સ્પા અને દેહ વ્યાપારની પ્રવૃત્તિઓ પર દરોડા પાડવા કડક સૂચના આપવામાં આવી હતી.

**સ્પાના રૂપાળા નામ હેઠળ ચાલતા કુટણખાના અને નસીલા કેફી દ્રવ્યોની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા ગૃહ વિભાગ આકરા પાણીએ**

**રાજ્યના રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારમાં મસાજ પાર્લર ચલાવવાની આડમાં નસીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યાપાર તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃતિ ચલાવતા હોવાનું ધ્યાન પર આવ્યું છે તો કેટલાક અસામાજિક તત્વો સ્પાની આડમા ગુનાહિત કૃત્યો કરીને અને જાહેર સલામતીને શાંતિનો ભંગ કરતા હોવાનું તેમજ ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં બનેલા કેટલાક બનાવો ને ધ્યાનમાં રાખીને સામાજિક તત્વો દ્વારા વિદેશી મહિલાઓ મસાજ ની આડ માં નશીલા કેફી દ્રવ્યનું સેવન તથા દેહ વ્યાપાર તથા ગેર કાયદેસર કૃત્યોઓ ચાલતા હોવાનું બહાર આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ જિલ્લાઓમાં આવી ગેરકાયદેસર પ્રવૃત્તિને નાથવા સ્પા સંચાલકોને તેમની આ કામગીરી કરતા તમામ કર્મચારીઓના ઓળખ પુરાવા સાથેની વિગતો પોલીસને આપી ફરજિયાત કરી છે.**

### વાવાઝોડું તેજ ગંભીર ચક્રવાતી તોફાનમાં ફેરવાયું

। અમદાવાદ, તા.૨૩ ।

અરબી સમુદ્રમાં ઉદભવેલું ચક્રવાતી તોફાન મજબૂત અને વિનાશક બન્યું છે. બીજી તરફ બંગાળની ખાડીમાં હામુન નામનું વાવાઝોડું પણ સર્જાયું છે. સ્ઢ અનુસાર, ચક્રવાત તેજ રવિવારે ગંભીર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ ગયું છે. આ પછી તે ઓમાન-યમનના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે ભારત પરનો ખતરો પણ ટળી ગયો. જોકે બંગાળની ખાડીમાં સર્જાયેલ ચક્રવાત હામુન હજુ પણ ચિંતાનો વિષય છે. કારણ કે તે હજુ તેના પ્રારંભિક તબક્કામાં છે અને આવનારા થોડાક કલાકોમાં તે ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે. આ વાવાઝોડાની અસર ગુજરાત પર થશે કે નહીં તે અંગે પણ હવામાન વિભાગે માહિતી આપી છે. અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહંતીએ શનિવારે આગાહી કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૫ ઓક્ટોબર સુધીમાં વરસાદ થવાની શક્યતાઓ નહીવત છે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે, હાલ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ મોટા ફેરફાર થવાની શક્યતાઓ નથી.. અમદાવાદમાં જે રીતે ૩૫-૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાઈ રહ્યું છે તે પ્રમાણે જ આગામી દિવસોમાં રહેવાની સંભાવનાઓ છે.

**બિલ વિના કરતાં હતા મોબાઇલનું વેચાણ**

# રાજકોટ શહેરમાં મોબાઇલના વેપારીઓને ત્યાં GSTના દરોડા

। રાજકોટ, તા.૨૩ ।

રાજ્યભરમાં GST વિભાગે દરોડાની કાર્યવાહી શરૂ કરી છે, આ દરોડાની કાર્યવાહી ખાસ કરીને મોબાઈલ વિક્રેતાઓ અને મોબાઈલના વેપારીઓ પર કરવામાં આવી રહી છે. હાલમાં જ સમાચાર મળી રહ્યા છે. GSTએ રાજકોટમાં ત્રણ મોટા વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા છે, આ તમામ વેપારીઓ બિલ વિના મોબાઈલ ફોનનું વેચાણ કરતાં હોવાનું ખુલ્યુ છે. બૉગસ બિલિંગને લઈને GSTની ટીમે રાજ્યમાં ઠેર ઠેર તપાસ કરી રહી છે. રાજ્યભરમાં મોબાઈલના ૭૯ ધંધાર્થીઓનું ૨૨ કરોડનું બૉગસ બિલિંગ કૌભાંડ સામે આવ્યુ છે. આ અંતર્ગત આજે રાજકોટમાં ૨ વેપારીઓને ત્યાં GST વિભાગના દરોડા પડ્યા હતા, આ દરમિયાન તપાસમાં બિલ વગર મોબાઈલનું વેચાણ કરતાં હોવાનું ખુલ્યુ હતુ. ખાસ વાત છે કે, રાજ્યભરમાં અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જુનાગઢ, વડોદરા, મહેસાણામાં GSTની ટીમે દરોડાની કામગીરી હાથ ધરી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨